dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 53 | AD - 2024, kartak Vad - 11 | Tuesday, Dt.26-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અદાણી મુદ્દે ગૃહમાં ધમાલ, હવે બંને ગૃહની કાર્યવાહી બુધવારે શરૂ થશે

# શિયાળુ સત્ર : લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત

નવીદિલ્હી,તા.૨૫

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થયું છે. હાલમાં જ દેશના બે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ છે. મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધનને જંગી જીત મળી છે જ્યારે ઝારખંડમાં હેમંત સોરેનની જેએમએમની આગેવાની હેઠળના ગઠબંધનનો વિજય થયો છે. આવી સ્થિતિમાં ભાજપના સાંસદો નવા ઉત્સાહ સાથે સંસદમાં હાજર રહ્યા. જો કે વિપક્ષે અદાણી મુદ્દે સંસદમાં ચર્ચાની માંગણી કરી જેના કારણે હોબાળો થયો હતો.

૧૮મી લોકસભાના સાંસદો વસંત રાવ ચવ્હાણ અને નુરુલ ઈસ્લામ અને અન્ય કેટલાક દિવંગત ભૂતપૂર્વ સભ્યો - એમએમ લોરેન્સ, એમ પાર્વતી અને હરીશ ચંદ્ર દેવરાવ ચવ્હાણને શ્રદ્ધાંજલિ આપ્યા પછી સંસદના નીચલા ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે. બીજી તરફ રાજ્યસભાની કાર્યવાહી પણ સ્થગિત કરી દેવામાં આવી છે. વિપક્ષી સભ્યોએ અદાણી ગ્રૂપ સામેના આક્ષેપોના મુદ્દે ચર્ચાની માગણી કરતાં હોબાળો મચાવ્યો હતો. આ કારણે સોમવારે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી છે. અધ્યક્ષે કહ્યું કે તેમણે આ મુદ્દા પર તેમની નોટિસ પહેલાથી જ ફગાવી દીધી છે તેથી તેઓ તેને ઉઠાવી શક્યા નથી. બંને ગૃહોની કાર્યવાહી હવે બુધવાર ૨૭ નવેમ્બરે સવારે ૧૧ વાગ્યે શરૂ થશે.

પરંપરા મુજબ રવિવારે સંસદના શિયાળુ સત્રની પૂર્વ સંધ્યાએ સર્વપક્ષીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ૩૦ પક્ષોના ૪૨ નેતાઓએ ભાગ લીધો હતો. વિપક્ષી પાર્ટીઓએ અદાણી ગ્રૂપ પર અમેરિકામાં આરોપો પર સંસદમાં ચર્ચાની માંગ કરી છે. તે જ સમયે,



કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ સ્પષ્ટતા કરી હતી કે બંને ગૃહોમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સંબંધિત સ્પીકરની સંમતિથી તેમની અધિકૃત સમિતિઓ દ્વારા નક્કી કરવામાં આવશે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ પત્રકારોને જણાવ્યું હતું કે સરકારે તમામ પક્ષોને સંસદનું કામકાજ સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

કોંગ્રેસના સાંસદ હિબી એડને ગૌતમ અદાણીના મહાભિયોગના મુદ્દા પર ચર્ચા કરવા લોકસભામાં સ્થગિત દરખાસ્તની સૂચના આપી છે. તેમણે કહ્યું કે ભારતની લોકશાહી અને આર્થિક અખંડિતતા જાળવવા માટે સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવી જોઈએ. તે જ સમયે, સપા સાંસદ રામ ગોપાલ યાદવે કહ્યું છે કે યુપીના સંભલમાં ઘણા લોકોના મોત થયા છે, તેના માટે જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણપણે જવાબદાર છે. તેમણે નોટિસ આપી છે અને આ મુદ્દો ગૃહમાં ઉઠાવશે.

સંભલ હિંસા પર સપા સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું કે જો સ્પીકર અમને પરવાનગી આપે તો અમે ચોક્કસપણે આ ઘટનાને (સંસદમાં) ઉઠાવીશું, અમે તેમની પરવાનગી માંગી છે. આ ખૂબ જ કમનસીબ ઘટના છે. આ દરમિયાન સપાના સાંસદ અવધેશ પ્રસાદે કહ્યું કે આ ઘટના દુઃખદ છે. તેમણે યુપી સરકાર પાસે માંગ કરી કે આવી ઘટના ફરી ન બને.

સંસદના શિયાળુ સત્રમાં વકફ સુધારા બિલ પર પણ ચર્ચા થવાની શક્યતા છે. બિલ પર વિચારણા કરી રહેલી સંસદની સંયુક્ત સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે ગુરુવારે માહિતી આપી હતી કે રિપોર્ટ તૈયાર છે અને તેના પર તમામ સભ્યો વચ્ચે સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે. તે જ સમયે, સંયુક્ત સમિતિમાં સામેલ વિપક્ષી સાંસદોએ સમિતિનો કાર્યકાળ ૨૯ નવેમ્બર સુધી વધારવાની માંગ કરી છે. આ મામલે વિપક્ષના સાંસદો ૨૫ નવેમ્બરે લોકસભા અધ્યક્ષને મળશે.

વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ પર, ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ કહ્યું- "અમે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મળ્યા છીએ. જેપીસીના સ્પીકર અમારી વાત સાંભળી રહ્યા નથી. રિપોર્ટ ઉતાવળમાં આપી શકાય નહીં. સ્પીકરે કહ્યું કે તેઓ આ વાત કરશે. અમારી લાગણીઓ સાંભળો અને તે તમામ હિસ્સેદારોને સાંભળવામાં સમય વધારશે."

### પાંચ ટેસ્ટ મેચની સિરીઝમાં ભારત ૧-૦થી આગળ, બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ

# પર્થ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતનો ૨૯૫ રને વિજય

પર્થ,તા.૨૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝનો પ્રથમ મુકાબલો પર્થમાં રમાયો હતો. મેચના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયન ટીમ તેની બીજી ઈનિંગમાં બેટિંગમાં ઊતરી હતી. ટીમ ઈન્ડિયાના પહાડ જેવા લક્ષ્ય ૫૩૪ રન સામે કાંગારૂ બેટ્સમેન લાચાર દેખાયા હતા અને ટીમ ઈન્ડિયાએ પહેલી ટેસ્ટ જીતીને જ પોતાની તાકાત બતાવી દીધી હતી. આ સાથે ફરી એકવાર WTC પોઈન્ટ ટેબલમાં ભારત નંબર-૧ બની ગયું છે. પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં પહેલી વખત ઓસ્ટ્રેલિયા ટીમે હારનો સ્વાદ ચાખ્યો હતો. ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગમાં ૧૫૦ રન બનાવ્યા હતા જેની સામે ઓસ્ટ્રેલિયન ટીમ ૧૦૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલ અને કોહલીની સદીના સહારે ટીમ ઈન્ડિયાએ ૪૮૭ રનનો વિશાળ સ્કોર બનાવીને અગાઉની ૪૬ રનની લીડ સાથે ઓસ્ટ્રેલિયાને ૫૩૪ રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો. જેની સામે કાંગારૂઓની ટીમે ૨૩૮ રન બનાવ્યા. બંને ઈનિંગ્સમાં મળીને કુલ ૮ વિકેટો ઝડપનારા જસપ્રીત બુમરાહને મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયન ટીમનો બીજો દાવ માત્ર ૨૩૮ રન પર જ સમેટાઈ ગયો હતો. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ સિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. સિરીઝની બીજી મેચ ૬ ડિસેમ્બરથી એડિલેડમાં રમાશે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર



ભારતની આ સૌથી મોટી જીત હતી. ઓસ્ટ્રેલિયા સામે ભારતે પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૯૫ રને વિજય મેળવ્યો. આ વિજય ઘણી બધી રીતે ઐતિહાસિક અને ખાસ છે. કારણ કે આ ટેસ્ટમાં ભારત ટીમના રેગ્યુલર કેપ્ટન રોહિત શર્મા અને ઓપનર શુભમન ગિલની ગેરહાજરીમાં રમ્યું હતું. ઉપરાંત પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા અગાઉ ક્યારેય મેચ હાર્યું નહોતું. આ મેચ જીતતાંની સાથે જ ટીમ ઈન્ડિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના પોઈન્ટ ટેબલમાં ફરીથી નંબર વન બની ગઈ છે







# મહારાષ્ટ્રમાં ફડણવીસ મુખ્યમંત્રી અને શિંદે-પવાર ઉપમુખ્યમંત્રી બને તેવી ફોર્મ્યુલા

(એસ.એચ.એલ),મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગે સસ્પેન્સ ચાલુ છે. મહાયુતિના ઘટક પક્ષોની બેઠકોનો દોર ચાલી રહ્યો છે. દરમિયાન સૂત્રોને ટાંકીને સમાચાર આવ્યા છે કે મહારાષ્ટ્રમાં ફરી એક મુખ્યમંત્રી, બે ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલાનું પુનરાવર્તન થઈ શકે છે. તે જ સમયે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપના દિગ્ગજ નેતા દેવેન્દ્ર ફડણવીસનું મુખ્યપ્રધાન બનવું નિશ્ચિત છે, પરંતુ હજુ સુધી આ ચિત્ર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, મહાયુતિમાં અજીત જૂથને ફડણવીસને સીએમ બનાવવામાં કોઈ વાંધો નથી. જો ફડણવીસ સીએમ બને છે, તો એકનાથ શિંદે અને અજિત પવાર નાયબ મુખ્યમંત્રી બની શકે છે, એટલે કે એક સીએમ અને બે ડેપ્યુટી સીએમ. મહાગઠબંધન જૂની ફોર્મ્યુલા જ લાગુ કરી શકે છે. શિંદેને ડેપ્યુટી સીએમ અને શહેરી વિકાસ મંત્રી જેવા ભારે વિભાગો આપવામાં આવી શકે છે. તેમજ તેમની પાર્ટીના ક્વોટામાંથી ૧૦ કે ૧૨ મંત્રી બનાવી શકાય છે. સાથે જ અજિત પવારને ડેપ્યુટી સીએમની સાથે નાણા વિભાગ પણ મળી શકે છે. આ સિવાય તેમની પાર્ટીના ખાતામાં લગભગ ૧૦ મંત્રી પદ પણ આવી શકે છે. આ સિવાય ભાજપના ક્વોટામાંથી ૨૦ કે ૨૨ મંત્રીઓ બનાવવામાં આવી શકે છે. જો કે, શિંદેની શિવસેના ઈચ્છે છે કે સીએમ શિંદે લાડલી બેહન યોજના લાવ્યા અને અઢી વર્ષ સુધી સારું કામ કર્યું, તેથી શરૂઆતમાં તેમને સીએમ પદ માટે બીજી તક મળવી જોઈએ. હવે જ્યારે એકનાથ શિંદે અને અજિત પવાર પોતપોતાના પક્ષોના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે, ત્યાર બાદ મહારાષ્ટ્રના ત્રણેય નેતાઓની ભાજપની ટોચની નેતાગીરી સાથે બેઠક થશે અને મુખ્યમંત્રીના નામ પર મહોર મારવામાં આવશે, જેમાં ફડણવીસ પ્રબળ દાવેદાર છે. એવા અહેવાલ છે કે મહાયુતિના ઘટકો એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર દિલ્હીમાં ભાજપના ટોચના નેતાઓને મળી શકે છે અને સરકારની રચના અંગે ચર્ચા કરી શકે છે. દરમિયાન શિવસેનાના શિંદે જૂથના ધારાસભ્યોએ ગઈકાલે મુંબઈમાં બેઠક યોજી હતી.











# ટાટ-ટેટ ઉમેદવારોની ભરતી અંગે સાવરકુંડલા મામલતદારને રજૂઆત

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના **TAT-1, TAT-2** તેમજ **TET-1** અને **TET-2**ના ઉમેદવારોએ શિક્ષણ સહાયક ભરતી અંગે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું છે. વર્ષ ૨૦૨૩માં લેવાયેલી **TAT(S)** અને **TAT(HS)**ની દ્વિસ્તરીય પરીક્ષામાં કુલ ૩૮,૭૩૦ ઉમેદવારો સફળ થયા છે, જ્યારે રાજ્યની શાળાઓમાં ૧૫,૦૦૦થી વધુ શિક્ષણ સહાયકોની જગ્યાઓ ખાલી છે. રાજ્ય સરકાર દ્વારા માત્ર ૭,૫૦૦ જગ્યાઓ માટે



ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અપૂરતી સંખ્યા હોવાનું ઉમેદવારો માને છે. વધુમાં, ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં અનેક શિક્ષણ સહાયકો નિવૃત્ત થનાર છે. ઉમેદવારોના મત મુજબ, ૫,૭૦૦ જૂના શિક્ષકો અને ૧,૨૦૦ આચાર્યોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી પડનારી અંદાજે ૬,૯૦૦ જગ્યાઓને વર્તમાન ભરતીમાં સમાવવામાં આવે તો વધુ ઉમેદવારોને લાભ મળી શકે તેમ છે. ઉમેદવારોએ રાજ્યપાલ અને સંબંધિત વિભાગના વડાને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

# બગસરાના જેઠીયાવદર ગામે લગ્ન બાદ ફરાર થયેલી લૂંટેરી દુલ્હન ઝડપાઈ

અમરેલી,તા.૨૫

બગસરાના જેઠીયાવદર ગામે એક યુવકે લગ્ન માટે યુવતીની શોધ કરી હતી ત્યારે લગ્ન માટે બગસરાના બે દલાલોએ યુવતી સાથે સંપર્ક કરાવી યુવકના લગ્ન કરાવ્યા હતા. જો કે લગ્નના આઠ દિવસ બાદ લૂંટેરી દુલ્હન ફરાર થઈ ગઈ હતી. જેથી યુવકે યુવતી સામે બગસરા પોલીસમાં ફરિયાદ



નોંધાવી હતી. ફરિયાદના આધારે એલસીબી પોલીસે આઠ માસ બાદ લૂંટેરી દુલ્હનને ઝડપી પાડી હતી.

બગસરાના જેઠીયાવદર ગામે રહેતા પરેશ અરજણભાઈ ઢોલરીયાએ લગ્ન માટે યુવતીની તપાસ કરી હતી ત્યારે દલાલ મારફતે ભરૂચ રહેતી સંગીતા વિષ્ણુભાઈ ચાવડા સાથે લગ્ન માટે મુલાકાત કરાવવામાં આવી હતી. જ્યાં બંને વચ્ચે લગ્ન કરાર કરવામાં આવ્યા હતા. લગ્ન કરાર બદલ યુવક પાસેથી રૂા.૧.૭૦ લાખ લીધા હતા. લગ્ન કરાર બાદ યુવતી સાસરિયામાં માત્ર થોડા દિવસ રહ્યાં બાદ ફરાર થઈ ગઈ હતી જેથી પરેશ ઢોલરીયાએ યુવતી સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં યુવતી છેલ્લાં આઠ માસથી ફરાર હોય એલસીબી પોલીસે ટેકનીકલ સોર્સની મદદથી લૂંટેરી દુલ્હન સંગીતા વિષ્ણુ ચાવડા રહે. ભરૂચ, હાલ રહે. પોરબંદરની ધરપકડ કરી હતી.

# લાઠી-દામનગરમાં સરકારી કોલેજ શરૂ કરવા ધારાસભ્યની રજૂઆત

અમરેલી, તા.૨૫

લાઠી-દામનગર વિસ્તારના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે અમરેલી સુધી જવું પડે છે. આ બાબત સ્થાનિક ધારાસભ્ય જનકભાઇ તળાવીયાના ધ્યાને આવતા જ તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષીકેશભાઇ પટેલને પત્ર પાઠવીને લાઠી અને દામનગર ખાતે નવી સરકારી



કોલેજ શરૂ કરવા માટે રજૂઆત કરી છે. આ પત્રમાં તેમણે જણાવ્યું છે કે, અમરેલી જિલ્લાના લાઠી, દામનગર વિસ્તારના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ બાદ ઉચ્ચ અભ્યાસ અર્થે અમરેલી જિલ્લા મથકે અપડાઉન અથવા અમદાવાદ જેવા મહાનગરોમાં ઉચ્ચ અભ્યાસ કરવા જવું પડે નહી અને આ તમામ વિદ્યાર્થીઓને તાલુકા મથકે જ ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી લાઠી અને દામનગર ખાતે નવી સરકારી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ કોલેજ આગામી બજેટમાં સમાવેશ કરીને મંજૂર કરવામાં આવે.

# બાબરામાં ૧૭ ફેબ્રુઆરીએ ભરવાડ સમાજ દ્વારા પ્રથમ સમૂહલગ્ન યોજાશે

બાબરા, તા.૨૫

બાબરામાં ગોપાલક એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સોમવાર, તા.૧૭-૦૨-૨૫ના રોજ ભરવાડ સમાજના પ્રથમ ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. બાબરાના ગોપાલક છાત્રાલય ખાતે આ લગ્ન યોજાશે. ૨૩/૧૧/૨૦૨૪ ના રોજ બાબરા ભરવાડ સમાજના પ્રમુખ ખોડાભાઈ વજાભાઈ રાતડીયાની અધ્યક્ષતામાં સમસ્ત ભરવાડ સમાજની મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાબરા ભરવાડ સમાજના તમામ લોકો હાજર રહ્યા હતા. સમાજના દીકરા-દીકરીઓના વાલીઓને સમૂહલગ્નમાં વહેલી તકે મો. નં. ૯૯૨૫૫-૮૮૩૪૨ પર નોંધણી કરાવવા ખોડાભાઈ વજાભાઈ રાતડીયાએ જણાવેલ છે.

# મોટાઝીંઝુડામાં આધારકાર્ડ-મોબાઈલ લિંક કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામમાં આજરોજ આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરવાનો વિશેષ કેમ્પ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની રજૂઆત અને ખેડૂત નોંધણી તેમજ રેશનકાર્ડના **e-KYC** માટે આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરવાનું ફરજિયાત હોવાથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને તાલુકા કક્ષાએ કે અન્ય સ્થળે જવું ન પડે તે માટે સાવરકુંડલા



અને મોટાઝીંઝુડાના પોસ્ટ ઓફિસના અધિકારીઓ દ્વારા આ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ પંકજ ઉનાવાએ લોકોને કેમ્પનો મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું અને તેમના પ્રયાસોના પરિણામે કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કેમ્પના અંતે સરપંચે પોસ્ટ ઓફિસના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વડીયા વિસ્તારમાં લાંબા અંતરની ટ્રેન સુવિધાનો અભાવ, લોકો ખાનગી વાહનોનો સહારો લેવા મજબૂર

વડીયા, તા.૨૫

વડીયા તાલુકો રોજગારીની તકોના અભાવે સ્થળાંતરનો સામનો કરી રહ્યો છે. અનેક પરિવારો સુરત, અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, વલસાડ, વાપી અને મુંબઈ જેવા શહેરોમાં સ્થાયી થયા છે. આ પરિવારોની ખેતી અહીં હોવાથી રોજબરોજ અનેક લોકો આવન-જાવન કરે છે. ભૂતકાળમાં વડીયામાં માત્ર જેતલસર-ઢસા મીટરગેજ ટ્રેન ચાલતી હતી. હવે રેલવે ટ્રેક બ્રોડગેજ અને ઈલેક્ટ્રિફાઈડ બનતાં અમદાવાદ,




સુરત અને મુંબઈ સહિતના શહેરો સાથે સીધી કનેક્ટિવિટી શક્ય છે. સાંસદની ચૂંટણી પહેલાં સોમનાથ-બનારસ સાપ્તાહિક ટ્રેનના સ્વાગત વખતે નેતાઓએ વંદે ભારત ટ્રેન સહિત અનેક લાંબા અંતરની ટ્રેનો શરૂ કરવાના વચનો આપ્યા હતા. વર્તમાન સાંસદ ભરતભાઈ સુતરીયાને વડીયા-કુંકાવાવ તાલુકામાંથી મોટી સંખ્યામાં મત મળ્યા છે. લોકોની માગ છે કે તેઓ આ વિસ્તારની રેલવે સુવિધાઓ વધારવા આગળ આવે અને ખાસ કરીને સુરત-અમદાવાદની ડેઈલી ટ્રેન તેમજ લાંબા અંતરની ટ્રેનો શરૂ કરાવે.

# સાવરકુંડલામાં ટાઉન પોલીસની ટીમે ગુમ થયેલ સોનાનો ચેઈન શોધીને માલિકને પરત સોંપ્યો

સાવરકુંડલા, તા.૨૫

ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમારે રેન્જના જિલ્લાઓમાં મિલ્કત ગુમના બનાવોમાં સત્વરે મિલ્કત શોધી માલિકોને પરત કરવા તથા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ સાર્થક કરવા સૂચના આપેલ છે. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર સી.એસ.કુગસિયાએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ કરવા સ્ટાફને સૂચના આપેલ છે. આ પેટ્રોલીંગ દરમ્યાન અરજદાર



મેહુલભાઈ પ્રવિણદાસ ગોંડલીયા (રહે. ગામ-ભેંકરા તા.સા.કુંડલા) મળતા અરજદારે રજૂઆત કરેલ કે, તેઓ મહુવા રોડ ખાતે ખરીદી કરવા આવેલ હતા. આ વખતે પોતાના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન ગુમ થયેલ છે. આથી આ ચેઈન અરજદારને તાત્કાલીક મળી જાય તે માટે પોલીસ સ્ટાફને સૂચના આપી હતી. સી.સી.ટી.વી. તથા હ્યુમન સોર્સના આધારે રૂ. ૧,૧૫,૦૦૦ની કિંમતનો ગુમ થયેલ સોનાનો ચેઈન શોધી કાઢી અરજદારને પરત સોંપ્યો હતો.

# સાવરકુંડલામાં વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ યોજાયો

સા.કુંડલા, તા.૨૫

સાવરકુંડલા શહેરમાં આવેલ સત્વ અટલધારા કાર્યાલય ખાતે તા. ૨૩-૨૪ નવેમ્બરના રોજ ૭૦ વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને આવકની મર્યાદા



ધ્યાનમાં લીધા વિના આરોગ્ય વીમાનો લાભ આપવામાં આવે છે. આ કેમ્પમાં ૭૩૦ જેટલા આયુષ્યમાન વય વંદના કાર્ડ કાઢવાનું લક્ષ્યાંક સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની જુડો સ્પર્ધામાં મેડલ મેળવ્યા

**સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા**

અમરેલી, તા.૨૫

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા (**SGFI**) દ્વારા નડિયાદમાં રાજયકક્ષાની ૬૮મી જુડો અંડર-૧૪ ભાઈઓ અને બહેનોની ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અમરેલીના શ્રીમતી એસ.



એચ. ગજેરા ડી.એલ.એસ.એસ. અને ઈનસ્કૂલના જુડો રમતના આ ખેલાડીઓ (૧) પેથાણી કાવ્યા—બ્રોન્ઝ મેડલ (૨) નાકીયા ઈશ્વર-બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત ૦૬/૧૧/૨૦૨૪ ના રોજ **SGFI** જુડો રાજયકક્ષા અંડર-૧૭ ભાઈઓની ચેમ્પિયનશીપનું આયોજન, પાંચોટ (મહેસાણા) ખાતે કરવામાં આવેલ હતું. જેમાં (૧) મેણીયા કલ્પેશ—ગોલ્ડ મેડલ (૨) સાવલીયા શ્યામ-સિલ્વર મેડલ (૩) મકવાણા કુલ્દીપ-બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ શાળાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધેલ હતો, જેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ હતું. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, જુડો કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ, ટ્રેનર અને ડી.એલ.એસ.એસ. સ્ટાફ તેમજ શાળાના આચાર્યો અને સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી સિધ્ધિને બિરદાવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?


મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### પાલિકા પ્રમુખે એજન્ડા બોલાવ્યા બાદ અચાનક જ બેઠક મુલત્વી રાખતા હોબાળો મચી ગયો હતો

# અમરેલી પાલિકામાં ભાજપના એક જૂથનો બળવો : અવિશ્વાસની દરખાસ્ત

## ચૂંટાયેલા સદસ્યોનું કોઈ સાંભળતું નથી : જયંતિ રાણવા

અમરેલી નગરપાલિકામાં ભાજપના ૩૨ સદસ્યોમાંથી ૧૮ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવા અંગે પાલિકાના પૂર્વ પ્રમુખ જયંતિ રાણવાએ જણાવ્યું હતું કે, સદસ્યોની કે પાલિકા ઉપપ્રમુખની કોઈ વેલ્યુ નથી. હોદ્દેદારો માત્ર નામના રહી ગયા છે. વિવિધ સમિતિઓનાં ચેરમેનનું પણ પાલિકાનાં અધિકારીઓ કે કર્મચારીઓ કામ કરતા નથી. લોકોએ જનપ્રતિનિધી તરીકે અમોને પાલિકામાં મોકલ્યા છે ત્યારે અમારા કામ પણ થતાં નથી. આ બાબતે અધિકારી કે કર્મચારી એમ કહે છે કે પાલિકા પ્રમુખ સૂચના આપે તો કામ થશે. ગત તા.૨૫/૧૦નાં રોજ નિયમનું ઉલ્લંઘન કરી બોર્ડની બેઠક બંધ રાખવામાં આવી હતી. પાલિકામાં પ્રમુખ અને ચીફ ઓફિસરની મીલિભગત હોય તેવું લાગી રહ્યું છે. સદસ્યોની રજૂઆતોને પણ ધ્યાનમાં લેવામાં આવતી નથી જેથી સહનશકિતની ચરમસીમાએ સદસ્યો પહોંચી ગયા હોવાથી પાર્ટી તાત્કાલિક પ્રમુખનું રાજીનામુ લઈ અવિશ્વાસની દરખાસ્તો રજૂ કરનારા ૧૮ સદસ્યોમાંથી ગમે તેને પ્રમુખપદ સોંપે તે જરૂરી છે. પાલિકા પ્રમુખ પોતાના મળતીયાઓને કામ આપી કમિશન હોવાન આક્ષેપ કર્યો છે. આ અંગે કલેકટરને પણ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે ત્યારે કલેકટરે આ અંગે પ્રાદેશિક કમિશ્નરને મળવાનું કહ્યું છે. કાયદાકીય રીતે હવે ૧૫ દિવસમાં પાલિકાનું બોર્ડ બોલાવવું જોઈએ. આમ પાલિકામાં થતાં બેફામ ભ્રષ્ટાચાર અને સદસ્યોનાં કામ થતાં ન હોવાથી સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે.



## સદસ્ય કાળુ પાનસુરીયાની આગેવાનીમાં કરાઈ રજૂઆત

અમરેલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલ સદસ્ય કાળુભાઈ પાનસુરીયાની આગેવાનીમાં ૧૮ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચીફ ઓફિસરને રજૂ કરી હતી. અમરેલી પાલિકામાં મનસ્વી રીતે વહીવટ ચાલતો હોવાનો સદસ્યોએ આક્ષેપ કર્યો હતો. ૧૮ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત આપતા રાજકિય ખળભળાટ મચી ગયો છે

## પાલિકાની ૪૪ બેઠક માટે ૩૪ સભ્યો ભાજપના

અમરેલી નગરપાલિકાની બેઠક પર નજર નાખીએ તો કુલ ૧૧ વોર્ડના ૪૪ સભ્યો ચૂંટાયા છે જેમાંથી ૩૪ ભાજપના અને ૮ કોંગ્રેસના સભ્યો ચૂંટાયા છે. ૩૪માંથી એક ભાજપ સદસ્યએ રાજીનામુ આપી દીધુ છે જયારે એક સદસ્ય વિદેશ જતા રહ્યાં છે. જેથી હાલ ભાજપ પાસે ૩૨ સદસ્યનું સંખ્યાબળ છે. જેમાંથી ૧૮ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

## આવશ્યક સેવાઓ સિવાયના ખર્ચ અટકાવી દેવા રજૂઆત

અમરેલી નગરપાલિકામાં બેફામ ખર્ચ થતા હોવાનો પણ સદસ્યોએ બળાપો કાઢયો હતો. પાલિકામાં બેફામ ભ્રષ્ટાચાર થતો હોવાનો પણ ભાજપના એક નેતાએ આક્ષેપ કર્યો હતો. પાલિકામાં આવશ્યક સેવાઓ સિવાય તમામ પ્રકારના ખર્ચ અટકાવી દેવા માટે અવિશ્વાસની દરખાસ્ત કરનારાઓએ માંગ કરી હતી.

અમરેલી,તા.૨૫

ભાજપ શાસિત અમરેલી નગરપાલિકામાં લાંબા સામયથી ચાલી રહેલો આંતરિક વિખવાદ હવે જાહેર થયો છે. અમરેલી નગરપાલિકાના પ્રમુખે એજન્ડા બોલાવ્યા બાદ અચાનક બેઠક મુલત્વી રાખતાં હોબાળો મચી ગયો હતો. ભાજપના સભ્યો વચ્ચે લાંબા સમયથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી, જેનો આજે ભડકો થયો હતો. ભાજપના જ સભ્યોએ આજે પાલિકા પ્રમુખ સામે નારાજગી વ્યક્ત કરતાં ભાજપના કુલ ૩૪ સભ્યોમાંથી ૧૮ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચીફ ઓફિસરને આપતાં રાજકીય વાતાવરણ ગરમાયું હતું. અમરેલી નગરપાલિકામાંથી મળતી માહિતી મુજબ ગત તા.૧૭ ઓકટોબરના રોજ અમરેલી નગરપાલિકાના પ્રમુખે સામાન્ય સભા માટે એજન્ડા બજવ્યો હતો. પરંતુ અચાનક જ બેઠકના ૨૦ કલાક અગાઉ ગેરબંધારણીય રીતે બેઠક મુલત્વી રાખી હતી. જેના લીધે ભાજપના સભ્યોમાં ભારે નારાજગી જોવા મળી હતી. અમરેલી નગરપાલિકામાં મનસ્વી રીતે વહીવટ ચાલી રહ્યો હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે. સામાન્ય સભાની બેઠક અચાનક મુલત્વી રાખી એકતરફી અને મનસ્વી રીતે નિર્ણય લીધો હોવાનો સદસ્ય કાળુભાઈ પાનસુરીયાએ આક્ષેપ કર્યો હતો. અમરેલી પાલિકા પ્રમુખ દ્વારા સંદર્ભ પત્ર લઈને તમામ સભ્યોને રૂબરૂ બજવણી કરવા માટે નીકળ્યા હતા. બેઠક મુલત્વી રાખવાનો તેમનો આ નિર્ણય તદન ભૂલ ભરેલો અને ગેરબંધારણીય ગણાવ્યો હતો.

**૩૪માંથી ૧૮ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચીફ ઓફિસરને આપતા ખળભળાટ**

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા–અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ
મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળઃ
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

## શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા, ચાવંડ

તા.લાઠી, જિ.અમરેલી

### જાહેર હરરાજી

શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા ચાવંડ,તા.લાઠી, જિ.અમરેલીના ૨ રૂમો નળીયાવાળા,૧૦ રૂમો સ્લેબવાળાની જાહેર હરરાજી તા.૨૯/૧૧/૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા ચાવંડ,તા.લાઠી, જિ.અમરેલી ખાતે રાખવામાં આવેલ છે.તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. જર્જરિત ઓરડાની અપસેટ કિંમત રૂા.૧,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર પુરા) છે. માલસામાન લઈ જઈ તળીયું સાફ, સમથળ કરી આપવાનું રહેશે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા. ૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ભરવાની રહેશે. હરરાજીની શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્ય
શ્રી ચાવંડ કુમાર પ્રા.શાળા
તા.લાઠી, જિ.અમરેલી

અધ્યક્ષ
એસ.એમ.સી.
શ્રી ચાવંડ કુમાર પ્રા. શાળા

## અવસાન નોંધ

**અમરેલી**

અમરેલી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ પ્રવીણચંદ્ર ભાનુશંકરભાઈ ઠાકર (ઉ.વ.૮૫) તે કાંતિભાઈના નાના ભાઈ, ભરતભાઈના મોટાભાઈ તેમજ હર્ષિતના પિતા તથા અતુલભાઇ, સંદીપભાઈ, દેવાંગભાઈ, ધવલભાઈના કાકાનું તા. ૨૫ના અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૮ને ગુરુવારના રોજ સાંજના ૩ થી ૬ સંઘવી ધર્મશાળા, સ્ટેશન રોડ અમરેલી ખાતે રાખેલ છે.

**સંકુલ PG કોલેજ – ડેઈલી ટીચીંગ સમય**

| | | | |
|---|---|---|---|
| MA કોલેજ Psy-Soc-Eng | ૯:૨૫ થી ૧૨:૪૫ | MBA કોલેજ GTU | ૯:૪૫ થી ૩:૪૫ |
| M.Com. કોલેજ ઈ.મી. | ૮:૪૦ થી ૧૨:૪૫ | MCA કોલેજ GTU | ૯:૪૫ થી ૩:૪૫ |
| M.Com. કોલેજ ગુ.મી. | ૮:૪૦ થી ૧૨:૪૫ | PG-DMLT કોલેજ | ૬:૩૦ થી ૧૨:૪૫ |
| M.Sc. કોલેજ માઈક્રો–BT | ૧૨:૦૦ થી ૬:૧૫ | B.Ed. કોલેજ સૌ.યુનિ. | ૬:૩૦ થી ૧૨:૪૫ |

★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિમાસિક – છમાસિક – નવમાસિક પરીક્ષા
★ યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ સ્ટુડન્ટ્સ – યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 077

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરું છું, પ્રભાતભાઈ દિલીપભાઈ જોષી. મારું જૂનું નામ પ્રભાત દિલીપભાઈ જોષી થી બદલીને પ્રભાતભાઈ દિલીપભાઈ જોષી કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.


ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
SHREE HARI PVC FURNITURE
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૫/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી બાબુભાઈ છગનભાઈ દેસાઈ,
રે. અનીડા, તા. વડીયા જિ. અમરેલી
એડવોકેટ- વિજય કે. સરવૈયા મો.- ૭૮૭૮૨ ૦૭૭૬૬

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી અનીડા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રીના ભાઈશ્રી મનુભાઈ છગનભાઈ દેસાઈનાઓનું મરણ તા.૦૨/૦૪/૧૯૮૫ના રોજ મુ.અનીડા,તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા (ઈ.ચા)

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી

PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo. 98242 65665

## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૮/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી બાબુભાઈ છગનભાઈ દેસાઈ,
રે. અનીડા, તા. વડીયા જિ. અમરેલી
એડવોકેટ- વિજય કે. સરવૈયા મો.- ૭૮૭૮૨ ૦૭૭૬૬

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી અનીડા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતૃશ્રી સોનબાઈબેન છગનભાઈ દેસાઈનાઓનું મરણ તા.૨૨/૦૫/૧૯૯૦ ના રોજ મુ.અનીડા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા (ઈ.ચા)

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**સરપંચોએ આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી**

# ઘાતરવડી ડેમ-૧ પાસે બ્લાસ્ટિંગથી ખેડૂતોમાં રોષ : કલેકટરને આવેદન

અમરેલી,તા.૨૫

રાજુલા તાલુકામાં આવેલ ભાક્ષી ગામ પાસે સમગ્ર રાજુલા પંથકના ખેડૂતો માટે જીવાદોરી સમાન વર્ષો જૂનો ઘાતવરડી ડેમ-૧ ૧૦૦ ટકા ભરેલો છે. બાજુમાં ૨ મહાકાય ક્વોરી લિઝમાં ભરડીયાઓ ધમધમી રહ્યા છે જેના કારણે બ્લાસ્ટિંગ થવાથી ડેમ ઉપર ભારે અસર થવાથી ડેમ ઉપર જોખમ ઉભું થઈ રહ્યું છે. જેના કારણે ખેડૂતો, સરપંચોમાં રોષનો માહોલ ઉભો થયો છે. અગાઉ લેખિત અને મૌખિક વાંરવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ નહિ મળતા આજે મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો અમરેલી કલેકટર કચેરીમાં પહોંચ્યા હતા અને 'ધાતવરડી ડેમ બચાવો ભાઈ બચાવો, ભરડીયાઓ બંધ કરો ભાઈ બંધ કરો'ના સુત્રોચ્ચાર સાથે કલેકટર કચેરીમાં પહોંચી આવેદનપત્ર આપવામાં આવ્યું. ગ્રામ પંચાયતો સાથે વિવિધ પર્યાવરણ અને ખેડૂતની સમિતિઓ સંગઠનના લોકોએ પણ લેખિતમાં રજૂઆતો કરી છે. રાજુલા તાલુકામાં આવેલ ધાતરવડી ડેમ ૧ સ્થાનિક ભાક્ષી, ધારેશ્વર, મોટા આગરિયા, દીપડીયા, વાવેરા, ચારોડીયા સહિત આસપાસના ડેમ નીચે આવતા



ગામડાઓ માટે આશીર્વાદરૂપ છે. આખું વર્ષ આ ધાતરવડી ડેમમાંથી પાણી મળી રહે છે. હાલ ધાતરવડી ડેમ નજીક ભરડીયાઓ હોવાને કારણે બ્લાસ્ટિંગ સતત વધી રહ્યું છે, જેના કારણે ખેડૂતોમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે. તાત્કાલિક ખેડૂતોના હિતમાં ભરડીયાઓ બંધ કરવા ઉગ્ર રજૂઆતો ખેડૂતો કરી રહ્યા છે. ધારેશ્વર સરપંચે જણાવ્યું હતું કે, અમારી સાથે ખેડૂતો, માલધારી બધા આવ્યા છે. અમારો ડેમ બચાવો, અમારા વિસ્તારમાં બે મોટા ભરડીયાઓ આવેલ છે. અમારું ગામ ૬ કિલોમીટર દુર છે છતાં ધ્રૂજે છે, એવું તો બ્લાસ્ટિંગ કરે છે. ડેમ તૂટી જાય તેવી શકયતા છે, ખેડૂતોના કૂવાના તળ નીકળી ગયા છે, ખેડૂતોના ખેતરોમાં માટી ઉડે છે નુકસાન થાય છે. અગાઉ પણ લેટર લખ્યા છે છતાં કોઈ જવાબ આપ્યો નથી. અધિકારીઓની મિલીભગતથી ભરડીયાઓ ચાલી રહ્યા છે જે બંધ નહિ કરે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. વાવેરા ખેડૂત આગેવાને જણાવ્યું હતું કે, કલેકટરને રજૂઆતો કરવા આવ્યા છીએ, ડેમની બાજુમાં માઈનિંગ લિઝો ચાલે છે. ૨૫૦ ફૂટ તો ખાણો આવેલી છે, જેમાં બ્લાસ્ટિંગ કરે છે જેના કારણે ધાતરવડી ડેમમાં પારાવાર નુકસાન થાય છે. ડેમ બચાવો, ખેડૂત બચાવોની રજૂઆતો કરી છે. વાવેરામાં ગૌચરણ આવેલ છે જેમાં પણ આ લોકોએ રસ્તા બંધ કરી દીધા છે.

## અમરેલીમાં ભાઈએ પિતાને ગાળો આપવાની ના પાડતાં પાઈપ માર્યો

અમરેલી, તા.૨૫

અમરેલીમાં નાનોભાઈ તેના પિતાને ગાળો આપતો હોવાથી મોટાભાઈએ આમ કરવાની ના પાડી હતી. જેથી નાનાભાઈએ ઉશ્કેરાઈને ઝઘડો કરીને પાઈપ મારી હતી. બનાવ અંગે ભાવેશભાઈ મનસુખભાઈ અદગામા (ઉ.વ.૨૭)એ સાગરભાઈ મનસુખભાઈ અદગામા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેનો નાનોભાઈ ઘર પાસે આવીને પિતાને ગાળો બોલતો હતો. જેથી તેમણે ગાળો નહીં બોલવાનું કહેતા ઝઘડો કરવા લાગ્યો હતો.

તેમણે ઝઘડો કરવાની ના પાડતાં પ્લાસ્ટિકનો પાઈપ માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.વી .રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## પીપાવાવ પોર્ટમાં કન્ટેનરના પાર્કિંગમાં સિંહોના આંટાફેરા

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં સિંહોના વારંવાર વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. સતત સિંહોના આંટાફેરાની ઘટનાઓ વધી રહી છે જેના કારણે સતત વીડિયો સોશ્યલ મીડિયામાં સામે આવી રહ્યા છે. મોડી રાતે રાજુલા તાલુકાના પીપાવાવ પોર્ટમાં આવેલ



કન્ટેનર ટ્રેલર પાર્કિંગની અંદર ૩ સાવજો ઘૂસી ગયા હતા જેના કારણે ટ્રક ચાલકોમાં દોડધામ મચી હતી. ૩ સાવજો પોર્ટના પાર્કિંગ વિસ્તારમાં ફરતા જોવા મળ્યા હતા જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો હતો. પીપાવાવ પોર્ટ વિસ્તારમાં ટ્રક સહિત વાહન ધમધમતા હોવાને કારણે ભૂતકાળમાં વાહન અડફેટે સિંહ આવી જતા મોત નિપજ્યું હતું. ત્યારે ફરીવાર અકસ્માતની ઘટના સર્જાઈ શકે છે. આ વિસ્તારમાં વારંવાર સિંહો પોર્ટની અંદર ઘૂસી આંટાફેરા કરતા હોય છે.

## સાવરકુંડલાના નાના ઝીંઝુડા ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી પર એસએમસી ત્રાટકી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના નાના ઝીંઝુડા ગામે ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર ગાંધીનગરથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ ત્રાટકી હતી. પોલીસે કુલ ૨,૯૦,૯૫૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નાના ઝીંઝુડા ગામની સીમમાં આવેલ દલેશ્વર મહાદેવના મંદિરની પાછળ આવેલ પાણીના વોકળામાંથી એસએમસીની ટીમે ૩૦૮ લીટર દેશી દારૂ, ૨૭૭૫ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ નાશ કર્યો હતો. મોબાઈલ ફોન, ફોર વ્હીલ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ ૨,૯૦,૯૫૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગોરડકા ગામેથી ૮૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ખડાધાર ચેક પોસ્ટ પરથી ભાવનગરના મહુડીના ૮ ઈસમો સહિત જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## લીલીયા મોટામાં ૨૮મીએ જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાશે

**પ્રાથમિક અને માધ્યમિક બંને વિભાગની ૧૦૫ કૃતિઓ પ્રદર્શનમાં મુકાશે**

લીલીયા, તા.૨૫

લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે આગામી તારીખ ૨૮મીથી ત્રણ દિવસ જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાશે. જેમાં જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાની ૧૦૫ કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર અજય દહીંયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, રમીલાબેન ધોરાજીયા, ગીતાબેન નાકરાણી તેમજ સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, બાબુભાઈ ધામત સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય હસમુખભાઈ બારડના માર્ગદર્શન હેઠળ સ્ટાફગણ જહેમત ઉઠાવી રહ્યાં છે.

## મહારાષ્ટ્રમાં જીત બદલ બગસરા ભાજપમાં ખુશીનો માહોલ છવાયો

**ફટાકડા ફોડી ભાજપ કાર્યકરોએ એકબીજાના મોં મીઠા કર્યા**

બગસરા, તા.૨૫

મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, વાવ, રાજસ્થાનમાં ભાજપની જીત થતા બગસરા ભાજપના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાયો હતો. ભાજપ આગેવાનો ધીરૂભાઈ કોટડીયા, અશોક પંડયા,



ભાવેશ મસરાણી, જયેશ પંડયા, નિલેશ દેશાણી, ભરત માંડલીયા, સુરેન્દ્રભાઈ બસીયા સહિતના કાર્યકરોએ ફટાકડા ફોડી એકબીજાના મોં મીઠા કરી જીતની શુભેચ્છા આપી હતી.

## દામનગર શહેરમાં વેપારીને બુલેટ ચાલકે અડફેટે લીધો

દામનગર, તા.૨૫

દામનગરમાં રહેતા એક વેપારીને બુલેટ ચાલકે અડફેટે લીધો હતો. ઈલિયાસબાઈ અબ્દુલભાઈ ડેરૈયા (ઉ.વ.૪૬)એ બુલેટ નંબર જીજે-૩૧-ઈ-૫૬૦૧ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ દામનગર લુહાર શેરીમાં પોતાના હવાલાવાળું મોટર સાયકલ લઈને જતા હતા તે વખતે વોરા સમાજની મસ્જિદ પાસે પહોંચતાં સામેથી આવેલા બુલેટ ચાલકે ટક્કર મારતાં ગંભીર ઈજા થઈ હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: અગિયારસ
તા. ૨૬-૧૧-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૨,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૨૬-૧૧-૨૦૨૪ મંગળવાર

મેષ: આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટન સ્થળોની મુલાકાત લેવાની તક મળશે.

વૃષભ: આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

મિથુન: આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે.

કર્ક: આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઇનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે.

કન્યા: કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો.

તુલા: જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધન: આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકર: આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો.

કુંભ: કાર્યમાં ઇચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

## અમરેલી પંથકમાં પ્રથમ વખત કડકડતી ટાઢ પડવાની શરૂઆત

**અમરેલી શહેરમાં ન્યૂનત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી રહ્યું**

અમરેલી, તા.૨૫

અમરેલી પંથકમાં પ્રથમ વખત કડકડતી ટાઢ પડવાની શરૂઆત થઈ છે. અમરેલી પંથકમાં દર શિયાળામાં આસપાસના અન્ય વિસ્તાર કરતા પ્રમાણમાં વધુ ઠંડી પડે છે. શિયાળાના આરંભે અમરેલી પંથકમાં આકરી ઠંડી પડવાની શરૂઆત થઈ ગઈ છે. જો કે દિવાળી બાદ એક પખવાડિયા કરતા વધુ સમય બાદ ઠંડીની શરૂઆત થઈ છે, પરંતુ શરૂઆતમાં જ પારો સડસડાટ નીચે ઉતર્યો છે. આજે અમરેલી શહેરનું ન્યુનત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી રહ્યું હતું. જેના કારણે વહેલી સવારે શહેરના લોકો ઠંડીમાં થરથર કાંપ્યા હતા. ગઈકાલે પણ અમરેલી શહેરમાં ન્યૂનત્તમ તાપમાન ૧૩.૪ ડિગ્રી નોંધાયું હતું. ચાલુ સપ્તાહે ત્રણ-ચાર દિવસથી આકરી ટાઢ પડી રહી છે. જો કે બપોરના સમયે વાતાવરણ ગરમ રહે છે.

કારણ કે હજુ પણ મહત્તમ તાપમાનનો પારો ૩૦ ડિગ્રી કરતાં ઊંચો છે. આજે અમરેલી શહેરનું મહત્તમ તાપમાન ૩૧.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા જેટલું ઊંચું રહ્યું હતું. જેના કારણે પણ ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. આજે પવનની ગતિ પ્રતિ કલાક સરેરાશ ૪ કિ.મી.ની રહી હતી. આવનારા દિવસોમાં ઠંડીનું જોર વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

## અમરેલી જિલ્લામાં પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે આપનારા સામે લાલ આંખ

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે આપતાં મકાન માલિકો સામે તંત્રએ લાલ આંખ કરી હતી.

ભાડા કરાર કે પોલીસને માહિતી આપ્યા વગર મિલકત ભાડે આપનારા ૧૬ મકાન માલિકો સામે ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. જાહેરનામાના ભંગ બદલ પોલીસે આ કાર્યવાહી કરી હતી.

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર

લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા - ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

તંત્રી લેખ

# શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ

સંસદના શિયાળુ સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ સત્ર અનેક પ્રકારના વિવાદિત બિલોને કારણે તોફાની બની રહે તેઓ સંભવ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ માટે સર્વપક્ષીય બેઠકમાં વિપક્ષને સહયોગની સરકારે અપીલ કરી છે. સરકાર સંસદમાં દરેક સત્ર વખતે સર્વપક્ષીય બેઠક બોલાવે છે. આમાં પણ વિવાદ થાય છે અને એ વિવાદ સંસદમાં પણ સતત ચાલુ રહે છે. સંસદનો અમૂલ્ય સમય આમાં વેડફાઈ જાય છે. વિપક્ષો તમામ મર્યાદાઓને એક બાજુ મૂકીને સંસદમાં બુમ-બરાડા પાડે છે. સરકાર દ્વારા પાંચ નવા કાયદા સહિત ૧૫ ખરડા રજૂ કરવાની તૈયારી પૂરી થઈ ચૂકી છે. સંસદમાં શિયાળુ સત્ર દરમિયાન વિપક્ષો દ્વારા હોબાળો થવાની સંભાવનાને પગલે રવિવારે સરકારે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં તમામ પક્ષો સાથે યોજેલી બેઠક્માં સત્રને શાંતિપૂર્ણ રીતે ચાલવા દેવાની અપીલ કરી હતી. આ સત્ર દરમિયાન સરકારે પાંચ નવા કાયદા અને વકફ બિલમાં સંશોધન સહિતના ૧૫ ખરડા રજૂ કરવાની તૈયારી આદરી છે. વકફ બોર્ડ સહિતના કાયદાઓમાં વિપક્ષો મોટી ધાંધલ ધમાલ કરે તેવી પૂરી શક્યતા જાહેર કરવામાં આવી છે. વિપક્ષોએ સંસદની કાર્યવાહીને સંપૂર્ણ રીતે ખોરવી દેવા માટેના પ્લાનિંગ પણ કર્યા છે. સોમવારથી સંસદના શિયાળુ સત્રની શરૂઆત થવાની છે. તેની પહેલા કેન્દ્ર સરકારે રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં સંસદના શિયાળુ સત્રને સુચારૂ રૂપથી ચલાવવા માટે પક્ષો વચ્ચે સહમતી બનાવવાની કોશિશ કરવામાં આવી હતી. બેઠકમાં કોંગ્રેસે અદાણી સમૂહ સામે લાંચના આરોપોની ચર્ચા કરવાની માગ કરી હતી. જો કે મહારાષ્ટ્ર ચૂંટણીમાં જીતથી સત્તાધારી ભાજપના આત્મવિશ્વાસમાં વધારો પણ થયો હતો. સર્વપક્ષીય બેઠકનું આયોજન સંસદીય મામલાના મંત્રી કિરેન રિજિજૂ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહે કર્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે, શિવસેના અને અન્ય પક્ષના નેતાઓ સામેલ થયા હતા. શિયાળુ સત્ર ૨૫ નવેમ્બરથી શરૂ થઈને ૨૦ ડિસેમ્બર સુધી ચાલવાનું છે. બેઠકમાં સંવિધાનને અંગીકાર કરવાની ૭૫મી વર્ષગાંઠના અવસરે ૨૬ નવેમ્બરના સંવિધાન સદનના કેન્દ્રીય કક્ષમાં આયોજીત થનારા કાર્યક્રમની પણ ચર્ચા થવાની સંભાવના હતી. શિયાળુ સત્રના શરૂઆતી અઠવાડિયાના અંતમાં વકફ સંશોધન વિધેયક ઉપર ચર્ચા માટે બનેલી જેપીસી પોતાનો રિપોર્ટ રજૂ કરે તેવી સંભાવના છે. જો કે જેપીસીમાં સામેલ વિપક્ષી સાંસદો રિપોર્ટ જમા કરવા માટે વધુ સમય આપવાની માગણી કરી રહ્યા છે. સરકારે સત્રમાં વિચાર માટે વકફ સંશોધન વિધેયક સહિત ૧૬ ખરડા સૂચિબદ્ધ કરી આ નવા બિલોમાંથી એક સહકારી યુનિવર્સિટીની સ્થાપના સાથે સંબંધિત છે. વધુમાં, સરકાર વકફ (સુધારા) બિલ જેવા પેન્ડિંગ બિલ પર પણ વિચાર કરશે. મુખ્ય બિલ ઉપરાંત વકફ (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ, ભારતીય બંદરો બિલ અને પાંચ અન્ય નવા બિલ સાથોસાથ મહત્વની ઘટનાઓ બંધારણ દિવસ, ડૉ.બી.આર. આંબેડકરનો મહાપરિનિર્વાણ દિવસ, અને સંસદ પર હુમલાની વર્ષગાંઠ અંગે પણ વિચારણા થશે. સંસદનું આ શિયાળુ સત્ર વીવાદિત મુદ્દાઓને કારણે તોફાની બની રહે તેવી પૂરી શક્યતાઓ રહેલી છે.

# મહારાષ્ટ્રના મહા મુકાબલામાં પવાર પાવરનું સુરસુરિયું

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

મહારાષ્ટ્રના મહા મુકાબલામાં મહા વિકાસ અઘાડીનો કરુણ રકાસ થયો. આની સાથોસાથ હિન્દુત્વ વિરોધી પરિબળો પણ ઘર ભેગા થઈ ગયા. અને મહાયુતી ૨૩૨ સીટ સાથે અગ્રસ્થાને આવી છે. જ્યારે મહા વિકાસ અઘાડી તથા તેના સપોર્ટર હિન્દુત્વ વિરોધી પરિબળોની હાર થઈ છે. ચૂંટણીના પરિણામો જાહેર થાય તે પહેલા કોંગ્રેસે તો મુંબઈની ત્રણ મોટી હોટલો તૈયાર રાખી હતી જેથી તેના ઉમેદવારોનું હોર્સ ટ્રેડિંગ ન થઈ શકે! પરંતુ ખટાખટ પૈસા આવશેના વાયદા કરનાર કોંગ્રેસની હાલત તેની અપેક્ષા કરતાં માની ન શકાય તેટલી ખરાબ થઈ ગઈ છે. પરિવારવાદની આ હાર છે. મહારાષ્ટ્રમાં સરકાર રચવાના મોટા સપના લઈને આવેલ કોંગ્રેસને એના જ નેતાઓના વ્યર્થ વાણી વિલાસના કારણે ખતમ કરી છે. મહાયુતિનો ભવ્ય વિજય થતા સમગ્ર મહારાષ્ટ્રમાં જશ્નનો માહોલ છે. લોકો કહી રહ્યા છે કે આ હિન્દુત્વની જીત છે. જ્યારે રાષ્ટ્ર વિરોધી પરિબળો અહીં ખતમ થયા છે. આથી જ વડાપ્રધાન મોદીએ કહેલું કે મહા વિકાસ આઘાડી ગાડીમાં પૈડા જ નથી માત્ર પૈડાં નહીં બ્રેક પણ નથી.!! આવી ઠોઠિયા ગાડી મહારાષ્ટ્રનો વિકાસ કેવી રીતે કરી શકે? લોકો આ સમજી ગયા અને ખટાખટ પૈસા આવશે કહેનાર કોંગ્રેસને પણ લોકો બરોબર જાણી ગયા. અને આથી કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા, બીજી બાજુ શિવસેનાને નામે ચરી ખાનારા ઉદ્ધવ ઠાકરેને લોકોએ એના કદ પ્રમાણે વેતરી નાખ્યા. કારણ કે સાચો શિવ સૈનિક હિન્દુત્વ વિરોધી લોબી સાથે કોઈ દિવસ રહી શકે નહીં. કારણ કે બાળા સાહેબ ઠાકરે હિન્દુત્વના સિંહ સમા કાર્યકર હતા જ્યારે દીવા પાછળ અંધારું હોય તે રીતે તેના દીકરા ઉદ્ધવ ઠાકરે હિંદુત્વ વિરોધી એવા મૌલાના ગ્રુપ સાથે હાથ મેળવીને હાથે કરીને હિન્દુ સમાજના મત ખોયા. બીજી બાજુ મોદી સરકારે મુંબઈ અને મહારાષ્ટ્રના વિકાસનો એક નવો અધ્યાય શરૂ કર્યો. મહા વિકાસ અઘાડીના શરદ પવારનો અત્યાર સુધીનો જે દબદબો હતો, જે પાવર હતો તેનો યુગ કાયમ માટે આથમી ચૂક્યો છે. આવી જ રીતે સાચી શિવસેના કઈ છે તેનો ચુકાદો જનતાને આપ્યો અને મૌલાના સાથે હાથ મેળવનાર કદાપિ શિવ સૈનિકનો નેતા ન હોઈ શકે તેવું પ્રજાએ પુરવાર કરી આપ્યું. સામા પક્ષે માંડ માંડ ૫૫ જેટલી સીટ પર જીત મળી છે. જ્યારે બીજા વિપક્ષોને માત્ર ચાર સીટ જાહેર થઈ છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે જ્યારે સત્તામાં હતા ત્યારે તેણે મીડિયા કર્મીને જેલમાં નાખવાના, તેને હેરાન કરવાના અને ચેનલને બંધ કરવાના જોરદાર વ્યર્થ પ્રયાસો કર્યા હતા. પત્રકારો પર લાઠીઓ વીંઝી હતી. પોતાને બાળા સાહેબ ઠાકરેના સીધી લીટીના વારસ ગણાવતા ઉદ્ધવ ઠાકરેએ જ્યારે મૌલાના સમાજ સાથે હાથ મેળવ્યા ત્યારથી તેનું માન સન્માન પ્રજામાંથી ઉતરી ગયું. મહા વિકાસ અઘાડીએ લોકોને અલગ અલગ કરવાના જે કારનામા કર્યા તેને કારણે તેની કારમી હાર થઈ. કોંગ્રેસના મોટા નેતાઓ પણ ઘર ભેગા થયા છે. કારણ કે મોટાભાગના મતદારોમાં એવી છાપ ઊભી થઈ કે મહા વિકાસ અઘાડી હિન્દુત્વ વિરોધી છે મહારાષ્ટ્રમાં જ 'એક હે તો સેફ હે' નો નારો તથા યોગીનો નારો 'બટેંગે તો કટેંગે' નો નારો મહારાષ્ટ્રમાં સફળ રહ્યો છે, અને લોકોએ આ નારાને કારણે જ મહાયુતીને જંગી બહુમતી આપી છે. મહા વિકાસ અઘાડીનો, ઉદ્ધવ ઠાકરેનો તથા શરદ પવારનો હિન્દુ વિરોધી ચહેરો લોકો બરોબર ઓળખી ગયા અને આથી જ તેને હારનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસ તથા તેની સાથી પાર્ટીઓએ મુંબઈની ડેમોગ્રાફી બદલવામાં કોઈ કમી નહોતી રાખી. મહારાષ્ટ્રમાં અને મુંબઈમાં બાંગ્લાદેશીઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. એક રિપોર્ટ મુજબ મહારાષ્ટ્રની ડેમોગ્રાફી બદલવા માટે કરોડોનું ફંડિંગ કરવામાં આવ્યું અને વોટબેન્ક વધારવા માટે મહા વિકાસ અઘાડી અને તેની કોંગ્રેસ પાર્ટીએ આકાશ પાતાળ એક કર્યા પરંતુ એની સામે ગાય માતાને રાજમાતાનો દરજ્જો આપવામાં આવતા હિન્દુ મત વધી ગયા. મહા વિકાસ અઘાડીનો વિચાર એવો છે કે કાશ્મીરમાં ૩૭૦ કલમ સ્થાપિત થઈ જાય. આ આની સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણોમાં સિંહગર્જના કરતા કહ્યું હતું કે ૩૭૦ મી કલમને જમીનમાં દફન કરી દીધી છે તે કોઈ સંજોગોમાં પુનર્જીવીત થઈ શકે નહીં. મહા વિકાસ અઘાડીના નેતાઓએ વીર સાવરકરનું અપમાન કરવામાં કોઈ કસર છોડી નહોતી. આ ચુનાવને મજહબી બનાવી દેવા માટે કોંગ્રેસ અને મહાવિકાસ અઘાડીએ એડિચોટીનું જોર લગાવ્યું, આમ છતાં તેમના પ્રયાસો ધૂળમાં મળી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં મહાયુતીનો ભવ્ય વિજય થતા મોટા જશ્ન થઈરહ્યો છે. બીજી બાજુ મહાયુતી અઘાડીની ઓફિસે નિરાશાનું વાતાવરણ છે. કોઈ મોટો નેતા ત્યાં હાજર દેખાતો નથી. મહા વિકાસ અઘાડી અને મૌલાના ગ્રુપના નેતાઓ જાહેરમાં દેખાતા બંધ થયા છે. બીજી બાજુ મહાયુતિ અને તેના સંગઠનોના નેતા ઉત્સવ મનાવી રહ્યા છે. ઝારખંડમાં ખૂબ મોટા પાયા પર બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓએ રાજ્યની ડેમોગ્રાફી જ બદલી નાખી હોવાથી ઈન્ડી ગઠબંધન જીત્યું છે. ઝારખંડમાં આદિવાસીઓની જમીનો છીનવી લેવામાં આવી, લવ જેહાદથી પ્રજા પરેશાન છે. ઝારખંડમાં હિન્દુત્વ વિરોધી તત્વોએ આદિવાસીઓની રોટી, બેટી અને માટી પચાવી પાડી અને તેની બહુમતી થઈ ગઈ આથી ડેમોગ્રાફી બદલાઈ હોવાથી એનડીએની હાર થઈ. એક મોટા સપના સાથે અટલબિહારી બાજપાઈએ ઝારખંડનું નિર્માણ કર્યું હતું. હેમંત સોરેને એને બદતર બનાવી નાખ્યું. હિન્દુત્વ વિરોધી લોબીએ મોટા પાયા પર વોટબેન્ક તગડી કરવા માટે ડેમોગ્રાફી બદલી નાખી. આ કારણે જ ઝારખંડમાં એનડીએની હાર અને ઈન્ડી. ગઠબંધન જીત્યું છે. જ્યારે મહારાષ્ટ્રમાં લોકોએ એક જૂટ થઈને વોટીંગ કર્યું હતું. લોકોએ અલગાવવાદીઓના વિરોધમાં મત આપ્યા છે. સૌથી મોટી વાત એ કે મહા વિકાસ અઘાડીનું હિન્દુત્વ વિરોધી વલણ હાર માટે કારણભૂત બન્યું. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે હું આધુનિક અભિમન્યુ છું અને મેં હિન્દુત્વ વિરોધી ચક્વ્યુહને તોડ્યું છે.મહારાષ્ટ્રમાં જનતાએ સમર્થન કર્યું છે. મરાઠા સમાજે મહાયુતીને દિલ ખોલીને મત આપ્યા છે એની સામે મહા વિકાસ અઘાડી અને કોંગ્રેસની નકારાત્મક વિચારધારાને ઝાકારો આપ્યો છે.



**મોદી સરકારે મુંબઈ અને મહારાષ્ટ્રના વિકાસનો એક નવો અધ્યાય શરૂ કર્યો. મહા વિકાસ અઘાડીના શરદ પવારનો અત્યાર સુધીનો જે દબદબો હતો, જે પાવર હતો તેનો યુગ કાયમ માટે આથમી ચૂક્યો છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૦૮ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૩૨ |
| જુવાર સફેદ | ૭૨૫ | ૮૪૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૭૫ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૦૦ |
| બાજરી | ૩૬૦ | ૫૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૭૫ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૨૯૧ |
| ચણા સફેદ | ૧૯૫૦ | ૨૬૧૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૭૧૫ |
| મગ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| વાલ પાપડી | ૧૧૫૦ | ૧૭૪૦ |
| ચોળી | ૨૫૯૧ | ૩૫૦૦ |
| મઠ | ૮૦૦ | ૧૧૩૦ |
| કળથી | ૯૭૫ | ૧૨૨૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૨૨ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૨૧૦ |
| અળશી | ૭૫૦ | ૭૫૦ |
| તલી | ૨૧૦૦ | ૨૮૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૪ |
| સુવા | ૧૨૭૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૯૦ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૨૯૩૦ | ૪૩૮૧ |
| લસણ | ૪૩૫૧ | ૬૦૧૧ |
| ધાણા | ૧૩૬૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૩૭૫ | ૧૪૮૦ |
| વરીયાળી | ૧૦૯૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૭૧૫ |
| રાય | ૧૦૪૦ | ૧૨૦૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૨૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૮૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૪૫૦૦ | ૫૬૭૫ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૬૪૦ |
| ટમેટા | ૫૦૦ | ૮૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૨૦ | ૪૧૦ |
| રીંગણા | ૧૬૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૦૦ |
| ફલાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૫૦ |
| દુધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૩૩૦ | ૫૨૦ |
| સરગવો | ૧૨૦૦ | ૩૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૫૦ | ૮૩૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૫૦ | ૯૫૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૩૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૯૦ | ૧૦૬૬ |
| શિંગ મોટી | ૧૦૧૮ | ૧૨૫૦ |
| શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૬૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૮૭૫ | ૩૧૪૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૪૪૦૦ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૦૩ |
| ઘઉં લોકવન | ૫૬૯ | ૬૮૫ |
| જુવાર | ૪૦૦ | ૭૯૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૨૯ |
| ચણા | ૮૦૦ | ૧૩૯૦ |
| કપાસ | ૯૨૦ | ૧૫૨૮ |
| જીરું | ૩૬૭૫ | ૪૪૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૬૫૦ | ૧૧૭૦ |
| મરચા | ૭૧૦ | ૨૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૨૦ |
| રીંગણાં | ૪૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૮૦૦ | ૯૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૨૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૫૦ |
| કોથમીર | ૫૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૫૬ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૩૬ |
| સિંગ ફાડીયા | ૮૨૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૬૭૧ |
| વરીયાળી | ૬૦૦ | ૧૧૭૬ |
| ધાણા | ૯૫૧ | ૧૭૧૧ |
| લસણ સુકું | ૧૯૯૧ | ૫૬૫૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૮૬૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૭૦૧ |
| મઠ | ૮૯૧ | ૮૯૧ |
| તુવેર | ૯૫૧ | ૨૦૪૧ |
| રાય | ૧૧૬૧ | ૧૧૬૧ |
| મેથી | ૮૭૬ | ૧૧૧૧ |
| કાંગ | ૭૭૧ | ૧૦૮૧ |
| મરચા | ૫૦૧ | ૩૦૦૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૨૩૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૦૧ |
| તલ - તલી | ૧૬૦૦ | ૨૫૩૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૭૨૧ |
| જુવાર | ૫૦૧ | ૮૪૧ |
| મકાઇ | ૩૭૧ | ૪૭૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૩૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૬ |
| સોયાબીન | ૬૧૧ | ૮૯૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૮૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૫૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૪૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૨૫૦ | ૧૫૮૦ |
| ધાણા | ૯૦૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૩૦ | ૮૩૪ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૫૮ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૪૦ |
| કપાસ કોડી | ૧૨૨૫ | ૧૩૮૦ |
| મગફળી નવી | ૧૧૨૭ | ૧૨૦૭ |
| અડદ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘઉં | ૫૧૮ | ૫૯૨ |
| જીરૂ | ૪૦૪૦ | ૪૫૦૦ |
| તલ | ૩૦૩૦ | ૪૨૩૦ |
| તલ સફેદ | ૨૦૩૫ | ૨૫૦૫ |
| ચણા | ૧૧૯૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૫૯ | ૮૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૦૦ | ૧૧૧૫ |
| શીંગ ૩૨ | ૯૩૩ | ૧૦૩૯ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૧૪૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૪૦ | ૧૧૫૭ |
| એરંડા | ૮૪૦ | ૮૪૦ |
| જુવાર | ૪૪૮ | ૮૮૮ |
| બાજરી | ૪૫૦ | ૬૫૯ |
| ઘંઉ ટુકડા | ૫૭૧ | ૮૦૧ |
| અડદ | ૮૮૮ | ૧૯૦૦ |
| સોયાબીન | ૭૮૬ | ૮૮૮ |
| ચણા | ૮૦૦ | ૧૩૪૩ |
| તલકાળા | ૩૬૪૦ | ૩૯૭૮ |
| તલસફેદ | ૧૮૦૦ | ૨૬૫૦ |
| જીરૂ | ૪૬૧૦ | ૪૬૧૦ |
| ડુંગળી લાલ જુની ૧૫૦ | | ૮૬૫ |
| ડુંગળી લાલ નવી ૧૫૦ | | ૮૬૫ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૧૧૦૧ |
| કપાસ શંકર | ૧૪૧૭ | ૧૪૬૭ |
| નાળીયેર | ૪૯૫ | ૨૨૩૫ |
| **કોડીનાર** | | |

| | | |
|---|---|---|
| મગફળીજી-૨૦ | ૯૫૦ | ૧૧૭૩ |
| મગફળી૩૨નં. | ૯૦૪ | ૧૦૫૦ |
| બાજરી | ૫૦૦ | ૫૯૮ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૩૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૩૪ |
| જુવાર | ૭૦૦ | ૮૫૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૮૪ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૮૦ |
| કપાસ | ૧૪૧૦ | ૧૪૮૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૮ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૨ |
| અડદ | ૮૦૦ | ૧૧૬૫ |
| સોયાબીન | ૫૩૦ | ૭૯૦ |
| ચણા સફેદ | ૧૧૬૦ | ૧૨૪૫ |
| મગફળી | ૫૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૩૩૫ |
| શીંગદાણા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૯૭૦ | ૨૧૦૫ |
| ધાણા | ૧૨૫૫ | ૧૩૫૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૮ | ૧૫૨૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૪૦ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૫૦૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૬૯૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૨૫ |
| જુવાર | ૪૮૧ | ૮૩૮ |
| મગ | ૨૭૬૧ | ૨૮૮૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૧૧ | ૧૪૭૬ |
| મગફળી | ૯૭૫ | ૧૧૫૫ |
| અડદ | ૧૨૦૧ | ૧૨૦૧ |

## શબ્દ સંજોગ-૧૯૦૫



**આડી ચાવી :**
(૧) કેશનો સમૂહ (૫)
(૫) યદુના વંશજ (૩)
(૭) શંકા, વહેમ (૨)
(૮) મજબૂત અને ટકાઉ નહી તેવુ (૪)
(૧૦) ઉપરામણી, વધારાની રકમ (૩)
(૧૨) યજ્ઞ, સંગ્રામ (૨)
(૧૩) રોટલીનો એક પ્રકાર (૨)
(૧૪) સરખુ (૩)
(૧૬) "યદા....હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત" (૨)
(૧૭) શું (૧)
(૧૯) ભગવાન, પરવર દિગાર (૨)
(૨૧) રસ્તાનું અંગ્રેજી કરો (૧)
(૨૩) મોકલેલું, વિદાય કરેલુ (૩)
(૨૫) ઝાકળ (૪)
(૨૭) ઘડો, પાઠ (૩)
(૨૯) મોટરગાડી (ખાનગી માલિકીની) (૨)
(૩૦) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૩૨) આ થોડીને વેશ ઝાઝા (૨)
(૩૩) ભીંડીની જાતનો એક છોડ (૨)
(૩૪) દમનો એક પ્રકાર (૩)

**ઉભી ચાવી :**
(૧) ભગવાન શ્રીકૃષ્ણ આ નામે પણ ઓળખાતા (૩)
(૨) ગાડું (૩)
(૩) ગધેડો મારે (૨)
(૪) તળીને બનાવેલ મીઠાઈ (૪)
(૫) બહારગામ જાવ ત્યારે સાથે લેવાનું લિસ્ટ પહેલા તૈયાર કરજો (૨)
(૬) આચરણ, રીતભાત (૩)
(૯) શરમ, લજ્જા (૨)
(૧૧) કસોટી ઉપરથી નક્કી કરેલો સોનારૂપાના ભાવનો આંક (૨)
(૧૩) કંગાળ, દેવાળિયુ (૩)
(૧૫) રસ્તો, પથ (૨)
(૧૮) વહેમની...કોઈ નહી (૨)
(૨૦) ફાયદો, લાભ (૪)
(૨૨) ખોડખાંપણ, ખામી (૨)
(૨૩) ખેલ, ક્રીડા (૩)
(૨૪) નાક વાટે ધૂણી લેવી તે (૨)
(૨૫) આશ્રય, આધાર (૩)
(૨૬) જગા કે પ્રદેશનો માપસરનો આલેખ (૩)
(૨૮) સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર (૩)
(૨૯) એક ઘાસ (૨)
(૩૧) આદત, વ્યસન, ટેવ (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૪ જવાબ

**આડી ચાવી:** (૧) અભાગી (૩) જ્વર (૫) લોભ (૬) મન (૭) અલંગ (૮) સંગત (૯) અમાપ (૧૨) પૂછતાછ (૧૩) લોકગીત (૧૫) રન (૧૭) વાટ (૧૯) આબ (૨૦) ભોંય (૨૧) તોલે (૨૨) ભરત (૨૪) રોગ (૨૬) લફરુ (૨૭) ડોકરી.
**ઉભી ચાવી:** (૧) અમથું (૨) ભાન (૩) જ્વલંત (૪) રગ (૫) લોકમાતા (૭) અગણિત (૯) અછત (૧૦) પછડાટ (૧૧) હાક (૧૨) પૂર (૧૩) લોઢું (૧૪) ગીધ (૧૬) છબરડો (૧૭) વાયરો (૧૮) ગલેફ (૧૯) આભ (૨૩) તક (૨૫) ગર્ભ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મતદાર યાદી સુધારણા અંતર્ગત કલેકટરે જરૂરી દિશાનિર્દેશ આપ્યા

**અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા મતદાન મથકની મુલાકાત લેવામાં આવી**

અમરેલી,તા.૨૫

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત તા. ૨૩ અને ૨૪ નવેમ્બર,૨૦૨૪ શનિ-રવિવારે અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ ઓફિસર (બીએલઓ)ઓ દ્વારા મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાં આવ્યા હતા. આ



ઝુંબેશ અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અજય દહિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી ફરજ હોય તેવા અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા મતદાન મથકની મુલાકાત લેવામાં આવી હતી. મતદાન સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અજય દહિયાએ જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા.

# નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સહકારી ક્ષેત્રની વૈશ્વિક કોન્ફરન્સનો પ્રારંભ

અમરેલી,તા.૨૫

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૫ ને ×રાષ્ટ્રિય–આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ' તરીકે જાહેર કરવામાં આવેલ છે તે અતર્ગત નવી દિલ્હીમાં ભારતમંડપમ્ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આજે આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવેલ છે. પાંચ દિવસ ચાલનાર ગ્લોબલ કોન્ફરન્સમાં ગૃહ-સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો



શેરીગ ટોબગે, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડો.ચંદ્રપાલસિંહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાંથી પધારેલ સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. ગ્લોબલ કોન્ફરન્સને સબોધતા વડાપ્રધાને જણાવેલ કે, અમુલ ભારતની ગ્લોબલ ટોપ બ્રાન્ડ છે, સરદાર પટેલે કિસાનોને એક કર્યા. સહકાર અને સરકારથી દેશ સમૃધ્ધિ તરફ જઈ રહ્યો છે. દુનિયાની સહકારી સસ્થાઓમાં દર ચોથી ભારતમાં પેટ્રોલ-ડીઝલ, સોલાર, પાણી વિગેરેમાં સહકારી સંસ્થાઓ સામેલ છે.

# અમરેલીમાં પતિએ પત્નીના ગાલ પર ગરમ લોઢી અડાડી

**ત્હોમતદારના મોટા બાપુનું વર્ષો પહેલા મર્ડર થયું હતું**

અમરેલી, તા.૨૫

અમરેલીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિએ તેની પત્નીના ગાલ પર ગરમ લોઢી અડાડી હતી. ઉપરાંત મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે જાનવીબેન જયેશભાઈ યાદવ (ઉ.વ.૩૯)એ પતિ જયેશભાઈ ભરતભાઈ યાદવ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ત્હોમતદારના મોટા બાપુનું વર્ષો પહેલા મર્ડર થયું હતું. જે વાતનો ગુસ્સો કરી મારામારી કરી ગાળો આપી હતી. તેમજ ચૂલા પર લોખંડની ગરમ લોઢી હતી તે ગાલ પર અડાડી હતી અને મુંઢમાર મારીને અવારનવાર દુઃખ-ત્રાસ આપતા હતા. પતિના ત્રાસના કારણે પરણિતાએ પોતાના પતિ સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# ગુજરાતમાં ચેરિટી કમિશનરમાં એકસાથે ૧૭૨ કર્મચારીની બદલીથી ચકચાર

ગાંધીનગર,તા.૨૫

સરકારી કર્મચારીઓની બદલીનો અભૂતપૂર્વ કિસ્સો સામે આવ્યો છે. એન્ડોમેન્ટ કમિશનર કચેરીના કર્મચારીઓની બદલીના કારણે ગુજરાતમાં અંધાધૂંધી સર્જાઈ છે. ગુજરાતમાં એન્ડોમેન્ટ કમિશનરના કુલ ૨૦૪ કર્મચારીઓમાંથી ૧૭૨ લોકોની એક સાથે બદલી કરવામાં આવી છે. રાતોરાત બદલીઓના કારણે કર્મચારીઓની મુશ્કેલી વધી છે. એન્ડોમેન્ટ અધિકારીઓએ પુનરોચ્ચાર કર્યો કે આ કાયદા વિભાગનો આદેશ છે. રાતોરાત બદલીઓના કારણે કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.



એન્ડોમેન્ટ કમિશનરની કચેરીનો સ્ટાફ દરેક જિલ્લામાં કામ કરે છે. એન્ડોમેન્ટ્સ વિભાગ ધાર્મિક-જાહેર ટ્રસ્ટોને લગતી મિલકત-વહીવટની બાબતો માટે જવાબદાર છે. મોટા પાયે બદલીઓના કારણે જિલ્લાઓમાં સમગ્ર કચેરીના કર્મચારીઓની બદલી થઈ ગઈ છે. બદલી કરાયેલા કર્મચારીઓને મંગળવારે બદલીના સ્થળે હાજર રહેવા આદેશ કરાયો છે. ભૂતપૂર્વ એન્ડોમેન્ટ કમિશનરે કાયદા સચિવને પત્ર લખીને આ બદલીઓનો વિરોધ કર્યો છે. સચિવને મહિલા વહીવટી અધિકારી અન્સારીના નિર્ણયની તપાસ કરવા વિનંતી કરવામાં આવી છે. બદલીના નિર્ણય સામે મોટી સંખ્યામાં કર્મચારીઓએ કોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે.

# અજમાની ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક: પ્રગતિશીલ ખેડૂતોનો અનુભવ

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લાના લાપાળીયા ગામમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ અજમાની ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોની મુલાકાત કરી હતી. જિતેન્દ્રભાઈ ધામેલિયા અને ઘનશ્યામભાઈ ધામેલિયા દ્વારા ૩૦ વીઘામાં કરાયેલી અજમાની ખેતીએ કૃષિ ક્ષેત્રે નવી સંભાવનાઓ ખોલી આપી છે. ખેડૂતોએ જણાવ્યું કે અજમાની ખેતીમાં ઓછો ખર્ચ, ન્યૂનતમ પાણીની જરૂરિયાત, રોગ-જીવાત અને પશુઓથી નુકસાન વગરની ખેતી શક્ય છે. પ્રત્યેક વીઘે ૧૦-૧૨ મણ ઉત્પાદન મળે છે, જેના ભાવ ૩૫૦૦-૬૦૦૦ રૂપિયા મળે છે, જે અન્ય પાકોની તુલનામાં વધુ આવક પ્રદાન કરે છે.

# રાજુલામાં ભક્ત કવિ શ્રી દુલા ભાયા કાગની ૧૨૧મી જન્મ જયંતીની ઉજવણી

રાજુલા,તા.૨૫

રાજુલા તાલુકાના ગામ કાગધામનું નામ જેમના ઉપરથી પડ્યું છે એવા પદ્મ એવોર્ડથી સન્માનિત ભક્ત કવિ શ્રી દુલાભાયા કાગની ૧૨૧મી જન્મ જયંતીની આજે રાજુલાના નગરજનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત મજાદર અને મહુવા ખાતે પણ કાગબાપુની મૂર્તિઓને ફુલહાર અને પૂજા વિધિ કરી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાગધામ ખાતે દર વર્ષે કાગ સોચના દિવસે પરમ પૂજ્ય મોરારીબાપુ દ્વારા વિશિષ્ટ વ્યક્તિઓને એવોર્ડ અર્પણ



તેમજ સંતવાણીનો કાર્યક્રમ અને બપોરના સાહિત્ય ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાય છે. રાત્રિના સૌરાષ્ટ્રભરના ભજનીકો તેમજ કાગબાપુના ચાહકો વગેરે ઉપસ્થિત રહે છે. રાજુલામાં ટાવર નીચે કાગબાપુની મૂર્તિનું પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, વિશ્વ હિન્દુ પરિષદના યુવરાજભાઈ સાદુ તથા સાધુ સમાજના અગ્રણીઓ, અશ્વિન દાણીધારીયા તેમજ કનુભાઈ વરુ પત્રકાર તેમજ દિનેશ ઠાકર, માજી નગરપાલિકાના પ્રમુખ ચિરાગભાઈ જોશી, નિવૃત્ત મિલેટરી મેન મનીષભાઈ પરમાર તથા રાકેશભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ એકેડેમીની ખેલાડીઓ ઉત્તર પ્રદેશમાં યોજાયેલી વોલીબોલ ટુર્નામેન્ટમાં ઝળકી

કોડીનાર, તા.૨૫

તાજેતરમાં સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અંતર્ગત ઉત્તર પ્રદેશના બરેલીમાં રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઇ હતી. જેમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મોકલેલ અં-૧૭ બહેનોની ટીમે ભાગ લઈને ફાઈનલ સુધી પહોંચી ફર્સ્ટ રનર અપ રહી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.



તસવીર : કુલદીપ પાઠક

આ ખેલાડીઓમાં સોમનાથ એકેડેમી, કોડીનાર (DLSS)ની ત્રણ ખેલાડીઓ અર્પીતા વાઢેર, તન્વીકા વાળા અને રાજલ વાળાએ પણ ગુજરાત ટીમમાં સ્થાન મેળવીને સોમનાથ શાળા તેમજ ગીર-સોમનાથ જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. સમગ્ર ટીમને સંસ્થાના પ્રમુખ કરશનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, ડિસ્ટ્રીક્ટ કોચ જિગરભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર કૃણાલભાઈ સોલંકી, ડી.એલ.એસ.એસ મેનેજર રણજીતભાઈ દાહિમા, કોચ ગીતાબેન વાળા તેમજ તમામ સ્ટાફે સન્માનિત કર્યા હતા.

# IPLમાં ક્રિકેટરો જે અધધ કિંમતે ખરીદાયા છે તે જોઈ એમ લાગે છે કે ભારતમાં ગરીબી જ નથી : ડો. કાનાબાર

(એચ.એસ.એલ),અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના દિગ્ગજ ભાજપ નેતા ડો. ભરત કાનાબારે નેતા અને અધિકારીઓ સામે નિશાન તાકી સોશિયલ મીડિયા એપ એકસ પર ટ્વીટ કર્યું છે. જેમાં આઈપીએલની હરાજી કિંમત અંગે ડો. ભરત કાનાબારે ટ્વીટ કરીને ક્રિકેટરો, કલાકારો, અધિકારીઓ અને રાજકીય નેતાઓ સામે નિશાન તાક્યું હતું. ભાજપ નેતા ડો. ભરત કાનાબારે



પોતાના એકસ એકાઉન્ટમાં ટ્વિટ કર્યું હતું જેમાં તેમણે લખ્યું હતું કે,આઈપીએલમાં ક્રિકેટરો જે અધધ કિંમતે ખરીદાયા છે. તે આંકડો વાંચીને એમ લાગે કે ભારતમાં ગરીબી જેવું કાંઈ નથી. ૨૭ કરોડથી વધુ કિંમતે ખરીદાયેલા રિષભ પંતની ૧ વર્ષ વર્ષની આવકમાંથી વર્ષે ૫ લાખમાં જીવન વ્યતિત કરતા ૫૪૦ શહેરી મધ્યમવર્ગીય પરિવારનું (૨૨૦૦ વ્યક્તિ) એક વર્ષ નીકળી જાય છે. તનતોડ પરિશ્રમ કરી દૈનિક ૨૫૦ રૂપિયાનું વેતન કમાતા નરેગા યોજનાના મજૂરોને આટલું કમાવવા ૩૦૦૦ વર્ષ મજૂરી કરવી પડે છે.

# રાજકોટમાં નેશનલ સ્કૂલ ગેમનો પ્રારંભ, સ્પર્ધકોને થ્રી સ્ટાર હોટલનું કહી આવાસમાં ઉતારો અપાયો

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં સ્વિમિંગ અને ડાઈવિંગની નેશનલ સ્કૂલ ગેમ યોજાઈ છે પરંતુ આ સ્પર્ધા શરૂઆતથી જ વિવાદોમાં જોવા મળી છે. આ ૬૮ મી નેશનલ સ્કૂલ ગેમમાં ભાગ લેતા ૨૦૦૦ જેટલા સ્પર્ધકોને થ્રી સ્ટાર હોટેલનું કહીને આવાસમાં ઉતારો આપવામાં આવ્યો હતો. હવે જે જગ્યાએ નેશનલ સ્કૂલ ગેમનો પ્રારંભ થયો છે, તે



રાજકોટના કોઠારિયા રોડ પરના સરદાર પટેલ સ્વિમિંગ પૂલમાં વોશરૂમમાં ગંદકી જોવા મળી હતી. તેમજ સ્વિમિંગ પૂલ અને પ્રેક્ષક ગેલેરી પણ ટૂંકી છે.

# પીપાવાવ પાસે રેલવે ટ્રેક પર ત્રણ સિંહોને લોકોપાયલટે બચાવ્યા

અમરેલી, તા.૨૫

રાજુલા તાલુકાનાં પીપાવાવ નજીક લોકોપાયલટે ઈમરજન્સી બ્રેક લગાવી એક સિંહણ અને બે બચ્ચાંને ટ્રેનની અડફેટે આવતા બચાવી લીધા હતા. ગઈકાલે લોકોપાયલટ મુકેશ મીના અને સહાયક વેની ડેને પીપાવાવ સાઈડીંગથી પીપાવાવ સ્ટેશન વચ્ચે એક સિંહણ અને તેના બે બચ્ચાંને રેલવે ટ્રેક તરફ આવતા જોયા જેથી તરત જ તેમણે ગુડ્ઝ





ટ્રેનને ઈમરજન્સી બ્રેક લગાવી રોકી દીધી હતી. અને લોકોપાયલેટ દ્વારા તાત્કાલિક ટ્રેન મેનેજરને સિંહ પરિવારની જાણ કરાઈ હતી. માહિતી મળતા જ ફોરેસ્ટ ગાર્ડ સહિતનાઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સિંહ પરિવાર રેલવે ટ્રેકથી દૂર હટી ગયા બાદ સ્થિતિ સામાન્ય થતાં ફોરેસ્ટ ગાર્ડ તરફથી ટ્રેનને આગળ લઈ જવા માટે કહેવામાં આવ્યું હતું.

# કોડીનારના વડનગરમાં પાંચ સ્વર્ગસ્થોના સ્મરણાર્થે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

કોડીનાર, તા.૨૫

વડનગર ગામે પાંચ સ્વર્ગસ્થોની સ્મૃતિમાં આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૨૪૦ બોટલ રક્તદાન કર્યું હતું. સ્વ. વિજયભાઇ પરબતભાઇ જોટવા, સ્વ. રામશીભાઇ મેરૂભાઇ ગાધે, સ્વ. કાળાભાઇ લખાભાઈ સોલંકી, સ્વ. દલસુખપુરી ઓઘડપુરી ગોસ્વામી, સ્વ. કરશનભાઇ નારણભાઇ



સોલંકી અને સ્વ. મોહનભાઇ અરજણભાઇ ગોહિલની યાદમાં તેમના પરિવારજનો, મિત્ર વર્તુળ અને ગામ સમસ્ત દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આદર્શ પ્રાથમિક શાળા વડનગર ખાતે યોજાયેલા આ કેમ્પમાં દિવ્ય જ્યોત બ્લડ બેંક ઉના, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વેરાવળ અને અંબુજા ફાઉન્ડેશનનો સહયોગ મળ્યો હતો. એચડીએફસી બેંક કોડીનાર શાખા દ્વારા રક્તદાતાઓને સન્માનપત્ર અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ડૉ. જીતેન્દ્ર ગાંધે અને ડૉ. રવિન્દ્ર ગાંધે સહિત રાજકીય અને સામાજિક આગેવાનોના માર્ગદર્શન હેઠળ યુવાનોએ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# ગોંડલ પોલીસે કારમાંથી ૩૬૩ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો, ત્રણ શખ્સોની ધરપકડ

ગોંડલ,તા. ૨૫

ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બુટલેગરો અવનવા કીમિયા અજમાવતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો ગોંડલથી સામે આવ્યો હતો, પરંતુ ગોંડલ તાલુકા પોલીસે આવા ઈસમોના તમામ કીમિયાઓ નિષ્ફળ કર્યા હતા. ઈસમોને ફોરવ્હીલ વાહનમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂના જથ્થાની હેરફેર કરતા પોલીસે પકડી પાડ્યા હતા. રેનોલ્ટ ડસ્ટરની ફોરવ્હીલમાં પાછળ ડેકીમાં ડાબી સાઈડ પ્લાસ્ટિકના પડીયામાં ચોરખાનું બનાવીને વિદેશી દારૂ સંતાડવામાં આવ્યો હતો. તાલુકા પોલીસે બાતમીના આધારે ચોરખાનામાં રાખેલ વિદેશી દારૂ



ઝડપી પાડ્યો હતો. ગોંડલ નાયબ પોલીસ અધિક્ષક કે.જી. ઝાલા અને તાલુકા પોલીસના PI જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફને મળેલી હકીકત આધારે પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન રેઈડ કરતા ફોરવ્હીલ ગાડીમાં ચોરખાના અંદર ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી કુલ ૩૬૩ નંગ બોટલો જેની કિંમત અંદાજે રૂપિયા ૫૪,૫૦૦/- તથા ફોરવ્હીલ ગાડી કિંમત રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ ૨,૦૪,૫૦૦/- મુદ્દામાલ સાથે જૂનાગઢના જહાંગીર અમીનભાઈ શેખ રહે સુખનાથ ચોક પીસોરીવાડા, આનંદ છગનભાઈ સરવૈયા રહે. ઉપરકોટ, નરેશ હિરાભાઈ નાગદેવ રહે.ટીંબાવાડી વાળા વિરુદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**ભારતીય કોસ્ટ ગાર્ડે અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ્સ કન્સાઈનમેન્ટ પકડ્યું**

# ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાન પાસે દરિયામાંથી પાંચ ટન ડ્રગ્સ ઝડપ્યું

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાન નજીકના દરિયામાંથી ૫ ટન ડ્રગ્સ જપ્ત કર્યું છે. સંરક્ષણ અધિકારીઓએ સોમવારે સવારે જણાવ્યું હતું કે ભારતીય કોસ્ટ ગાર્ડે આટલું મોટું કન્સાઈનમેન્ટ અગાઉ ક્યારેય પકડ્યું નથી. આ ડ્રગ્સ ફિશિંગ બોટમાંથી મળી આવ્યું હતું. ડ્રગ્સના પ્રકાર અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત વિશે હજુ સુધી માહિતી આપવામાં આવી નથી. આ કેસમાં પૂછપરછ અને ધરપકડ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું કે મામલાની તપાસ બાદ જ માહિતી આપવામાં આવશે. ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATSએ ૧૫ નવેમ્બરે ગુજરાતના પોરબંદર દરિયાકાંઠેથી ૫૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

તેની કિંમત ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. દિલ્હી એનસીબીને આ ડ્રગ્સ વિશે માહિતી મળી હતી. આ પછી દિલ્હી એનસીબીએ ગુજરાત એનસીબી, કોસ્ટ ગાર્ડ અને નેવીની મદદથી એક બોટ પકડી જેમાં ડ્રગ્સ છુપાવવામાં આવ્યું હતું. બાતમીના આધારે દિલ્હી NCBની ટીમે નેવીનો સંપર્ક કરીને એક ઓપરેશન



મોડી રાતે હાથ ધર્યું હતું, જેમાં મધદરિયે એક બોટને આંતરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ગુજરાત એટીએસની ટીમ અને ગુજરાત એનસીબીના કેટલાક અધિકારીઓ પણ જોડાયા હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૯ મહિનામાં પોરબંદરના દરિયામાંથી ૪,૦૦૦ કિલોથી વધુનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ૧૧ ઓક્ટોબરે દિલ્હીમાં ૨ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આને નાસ્તાના પેકેટમાં છુપાવવામાં આવ્યું હતું. આ અત્યાર સુધીનો સૌથી મોટો કેસ માનવામાં આવે છે. આ ડ્રગ્સ દુબઈથી દિલ્હી પહોંચ્યું હતું. આ સિન્ડિકેટનો પર્દાફાશ કરવા માટે પોલીસ ઓગસ્ટથી કામ કરી રહી હતી.

એ યાદ રહે કે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે ૩૦ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલનો પર્દાફાશ કર્યો હતો, જેમાં ૨૨૮ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧.૧૪ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. આ કાર્ટેલના બે સપ્લાયરોની પણ ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે ૨૭ જુલાઈના રોજ દિલ્હી એરપોર્ટ પર ૬ કિલો ગ્રેડ-એ કોકેઈન સાથે જર્મન નાગરિકને પકડ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ કોકેઈનની કિંમત ૧૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આરોપીનું નામ અશોક કુમાર હતું.

## વિધાનસભા ચૂંટણીમાં હાર બદલ મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રમુખનું રાજીનામુ

મુંબઈ,તા.૨૫



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ નબળા પરિણામોના કારણે પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેએ રાજીનામું આપી દીધું છે. નાના પટોલેએ ચૂંટણીમાં ખરાબ પ્રદર્શનની જવાબદારી લીધી છે અને પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. જ્યારે કોંગ્રેસનું કહેવું છે કે નાના પટોલેનું રાજીનામું હજુ સુધી સ્વીકારવામાં આવ્યું નથી. તેઓ પાર્ટીના અધ્યક્ષ તરીકે કામ કરવાનું ચાલુ રાખશે. એવું માનવામાં આવે છે કે મહારાષ્ટ્ર કોંગ્રેસમાં આવનારા કેટલાક દિવસોમાં વિખવાદ વધુ તીવ્ર બની શકે છે. રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડ઼ગે સહિત ઘણાં નેતાઓએ આ પરિણામોની વિગતવાર સમીક્ષા કરી છે.

## શિયાળુ સત્રમાં મુઠ્ઠીભર લોકોની ગુંડાગીરી દ્વારા સંસદને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૫

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થયું છે. સત્રની શરૂઆત પહેલા પીએમ મોદીએ સંસદ સંકુલમાંથી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે શિયાળુ સત્ર છે અને વાતાવરણ પણ ઠંડુ રહેશે. ૨૦૨૪નો આ છેલ્લો સમયગાળો છે, દેશ પણ ૨૦૨૫ને જોશ અને ઉત્સાહ સાથે આવકારવાની તૈયારીમાં



વ્યસ્ત છે. સંસદનું આ સત્ર ઘણી રીતે ખાસ છે. સૌથી મોટી વાત એ છે કે આપણા બંધારણનો તેની યાત્રાના ૭૫મા વર્ષમાં પ્રવેશ એ પોતાનામાં જ લોકશાહી માટે ખૂબ જ ઉજ્જવળ તક છે. પીએમ મોદીએ સંસદમાં સ્વસ્થ ચર્ચા કરવાની હાકલ કરી. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, કમનસીબે પોતાના રાજકીય ફાયદા માટે, કેટલાક લોકો, જેમને જનતાએ નકારી કાઢ્યા છે, તેવા મુઠ્ઠીભર લોકોની ગુંડાગીરી દ્વારા સંસદને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંસદની ગતિવિધિઓ રોકવાથી તેમનો પોતાનો હેતુ સિદ્ધ થતો નથી. પરંતુ તેની આવી હરકતો જોઈને જનતા તેને નકારે છે. પીએમ મોદીએ કહ્યું કે જનતાએ આ લોકોને ૮૦-૯૦ વખત નકારી કાઢ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે જનતા આવા ગુંડાઓને સજા આપે છે. જનતા તેમને જોઈ રહી છે. આવા લોકો લોકશાહીનું સન્માન કરતા નથી.

## સંસદના સત્રમાં વકફ ખરડો રજૂ થાય તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૨૫





સંસદનું શિયાળુ સત્ર શરુ થયું છે અને તેમાં અદાણી મુદે ધમાલ છે તે વચ્ચે સરકાર સંસદમાં વકફ ખરડો રજૂ કરશે તેવા સંકેત છે. સરકાર સંસદના શિયાળુ સત્રમાં ૧૫ મહત્વના ખરડાઓ રજૂ કરવા જઈ રહી છે. જેમાં વકફ બીલ રજૂ થશે. ખાસ કરીને મહારાષ્ટ્ર અને ઝારખંડ ઉપરાંત હરિયાણામાં વિજય બાદ હવે લોકસભા ચૂંટણી પછી સરકાર જે થોડીક ડિફેન્સીવ સ્થિતિમાં હતી તે હવે પૂરી રીતે આક્રમક બની ગઈ છે અને વકફ ખરડો રજૂ કરીને તે મંજૂર કરાવવા પ્રયાસ થશે. જો કે તેમાં સાથી પક્ષો તેલુગુદેશમ અને જનતાદળ-યુની ભૂમિકા મહત્વની બની જશે. વડાપ્રધાને શનિવારે જ તેમના વિજય સંબોધનમાં વકફ ખરડો રજૂ કરવા મુદે સંકેત આપી દીધો હતો.

## દિલ્હીના પાંચ લાખથી વધુ વૃધ્ધોને દર મહિને રૂ.૨૫૦૦ આપવામાં આવશે : કેજરીવાલ

**આગામી મહિનામાં ચૂંટણી યોજાવાની છે ત્યારે કેજરીવાલનો માસ્ટરસ્ટ્રોક**

ન્યુ દિલ્હી,તા.૨૫



દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા AAP સરકારે વૃદ્ધો માટે પેન્શન સ્કીમ ફરી શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ યોજનામાં ૮૦ હજાર નવા વૃદ્ધો જોડાયા છે. અગાઉ ૪.૫૦ લાખ લોકોને આ યોજનાનો લાભ મળતો હતો. હવે આ યોજનાના દાયરામાં પાંચ લાખથી વધુ વૃદ્ધો આવશે. ૬૦ થી ૬૯ વર્ષના વૃદ્ધોને દર મહિને ૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જ્યારે ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને દર મહિને ૨૫૦૦ રૂપિયા મળશે. આ યોજનાની જાહેરાત કરતા દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે તેઓ તેમના વડીલોના આશીર્વાદથી જેલમાંથી બહાર આવ્યા છે. આ યોજના તેમનો આભાર માનવા માટે છે. દિલ્હી વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પૂર્ણ થાય છે. આગામી બે મહિનામાં ચૂંટણી યોજાઈ શકે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૨૦ માં યોજાઈ હતી, જેમાં આમ આદમી પાર્ટીએ સંપૂર્ણ બહુમતી સાથે ૭૦ માંથી ૬૨ બેઠકો જીતી હતી.

## યુપીમાં સંભલમાં ૪ના મોત બાદ સપાના સાંસદ સામે પોલીસ ફરિયાદ

સંભલ,તા.૨૫

ઉત્તરપ્રદેશના સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ૪નાં મોત થયાં. સોમવારે પોલીસે હિંસા ભડકાવવા બદલ SP સાંસદ ઝિયાઉર રહેમાન બર્ક અને સદર ધારાસભ્ય નવાબ ઈકબાલ મહમૂદના પુત્ર સુહેલ ઈકબાલ વિરુદ્ધ FIR નોંધી છે. પોલીસે હિંસા સંબંધિત મામલામાં ૭ FIR નોંધી છે. ૬



નામાંકિત સહિત ૨૫૦૦થી વધુ અજ્ઞાત છે. અત્યાર સુધીમાં ૨૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એસપીએ કહ્યું કે સંભલ તાલુકામાં ઈન્ટરનેટ પ્રતિબંધ એક દિવસ માટે લંબાવવામાં આવી રહ્યો છે. આવતીકાલે એટલે કે મંગળવારે પણ ઈન્ટરનેટ બંધ રહેશે. આજે તમામ શાળાઓ બંધ રહેશે. ડીએમ રાજેન્દ્ર પાંસિયાએ સંભલ જિલ્લામાં ૧ ડિસેમ્બર સુધી બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. DIG મુનિરાજજીએ કહ્યું- હિંસા કરનાર બે મહિલાઓ સહિત લગભગ ૨૧ લોકોની પોલીસે ધરપકડ કરી છે. લોકોને શાંતિ જાળવવા માટે અપીલ કરી હતી. આ સિવાય પોલીસે ૪૦૦ લોકો સામે FIR નોંધાવી છે.

## ઝારખંડમાં હેમંત સોરેન ૨૮મી નવે. એ મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે

રાંચી,તા.૨૫



ઝારખંડમાં ફરીથી ઈન્ડિયા બ્લોકની સરકાર બનશે. રવિવારે સીએમ આવાસ પર ઈન્ડિયા એલાયન્સના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં હેમંત સોરેનને વિધાયક દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ પછી તેઓ રાજભવન ગયા અને સીએમ પદ પરથી રાજીનામું આપીને નવી સરકાર બનાવવાનો દાવો કર્યો.

રાજ્યની રચના બાદ આ પ્રથમ વખત સરકારનું પુનરાવર્તન થયું છે. અત્યાર સુધી દરેક ચૂંટણીમાં સરકાર બદલાતી હતી. રાજભવનની બહાર પત્રકારો સાથે વાત કરતા હેમંત સોરેને કહ્યું- રાજ્યપાલ સંતોષ ગંગવારે કાર્યકારી સીએમની નિમણૂક કરી છે. શપથ ગ્રહણ સમારોહ ૨૮ નવેમ્બરે યોજાશે. સમારોહ સવારે ૧૧.૩૦ કલાકે થશે.

## શિયાળુ સત્રમાં નવા સાંસદોને બોલવાની તક આપો : મોદી

નવી દિલ્હી,તા.૨૫

આજથી શરૂ થયેલા સંસદના શિયાળુ સત્ર પૂર્વે પત્રકારોને સંબોધનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ સત્ર અનેક રીતે મહત્વનું હોવાનું જણાવતા ઉમેર્યુ કે સંસદમાં સ્વસ્થ ચર્ચા થવી જોઈએ. વિપક્ષ પર પ્રહાર કરતા મોદીએ ઉમેર્યુ કે આ લોકો (વિપક્ષ) ધાંધલ ધમાલથી સંસદ પર કંટ્રોલ



કરવા માંગે છે પણ તેઓએ લોકોના ચૂકાદાનું સન્માન કરવું જોઈએ. પ્રધાનમંત્રી મોદીએ નવા સાંસદોને બોલવાની તક આપવાનું જણાવ્યું હતું.

## મણિપુરમાં ત્રણ મૃતદેહના પોસ્ટમોર્ટમમાં માથામાં ગોળી, છરીના ઘા માર્યા હોવાનું ખુલ્યું

ઈમ્ફાલ,તા.૨૫

મણિપુરના ૫ જિલ્લામાં ચાલી રહેલા કર્ફ્યુ વચ્ચે રવિવારે એક સનસનીખેજ ઘટસ્ફોટ થયો છે. ૧૧ નવેમ્બરના રોજ, કુકી આતંકવાદીઓએ જીરીબામમાંથી છ મૈતેઈ લોકો (ત્રણ મહિલાઓ, ત્રણ બાળકો)નું અપહરણ કરીને હત્યા કરી હતી. જેમાંથી ૩ના મૃતદેહના પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા છે. આ મુજબ, તમામ મૃતદેહો ખૂબ જ ખરાબ હાલતમાં હતા, બે મહિલાઓને ઘણી ગોળી મારવામાં આવી હતી. આ મૃતદેહોમાં ૩ વર્ષના બાળક ચિંગખેંગનબાનો મૃતદેહ પણ સામેલ હતો. ડૉક્ટરોને બાળકના માથામાં ગોળીનો



ઘા જોવા મળ્યો હતો. મગજનો એક ભાગ અને જમણી આંખ ગાયબ હતી. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે બાળકને નજીકથી માથામાં ગોળી વાગી હતી, જેના કારણે તેના મગજનો ભાગ ઉડી ગયો હતો. તેની છાતી અને શરીર પર અનેક જગ્યાએ છરીના ઘા અને હાથમાં ફ્રેક્ચર જોવા મળ્યા હતા.

## સિલિકોન વેલીમાં ભારતીય - અમેરિકનોએ હિંદુઓ પ્રત્યે તેમની એકતા દર્શાવવા રેલી કાઢી

સિલિકોનવેલી,તા.૨૫

કેનેડા અને બાંગ્લાદેશમાં હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ક્યારેક મંદિરોને તો ક્યારેક તેમના ઘરોને નુકસાન થઈ રહ્યું છે. દરમિયાન સિલિકોન વેલીમાં ભારતીય અમેરિકનોએ હિંદુઓ પ્રત્યે તેમની એકતા દર્શાવવા રેલી કાઢી હતી. મિલ્પીટાસ સિટી હોલમાં ભારતીય અમેરિકનોની વિશાળ સભાને સંબોધતા, અગ્રણી સમુદાયના નેતાઓએ હિન્દુ લઘુમતીઓ પરના હુમલાઓ





વિશે વાત કરી. યુએસ નેતાઓને માનવાધિકારના ઉલ્લંઘનની નિંદા કરવા અને કેનેડા અને બાંગ્લાદેશની સરકારોને તેમની હિંદુ લઘુમતી વસ્તીના રક્ષણ માટે જવાબદાર ઠેરવવા વિનંતી કરી. ખાડી વિસ્તાર બે લાખથી વધુ ભારતીય અમેરિકનોનું ઘર છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રેલીમાં ભાગ લેનારા લોકોએ બ્રેમ્પટનના હિન્દુ સભા મંદિરમાં ભક્તો પર થયેલા હુમલાની યોગ્ય તપાસ ન થવા પર નિરાશા વ્યક્ત કરી હતી.

## જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને લદ્દાખમાં હિમવર્ષાથી ઉત્તર ભારતમાં ઠંડી વધી

સીમલા,તા.૨૫

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતનાં રાજ્યોમાં ઠંડી વધી છે. હવે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ તાપમાનમાં ઘટાડો શરૂ થઈ ગયો છે. મધ્યપ્રદેશના પંચમઢી, નર્મદાપુરમ અને રાજસ્થાનના માઉન્ટ આબુમાં તાપમાન ૭ ડિગ્રીથી નીચે પહોંચી



ગયું છે. ત્રણ રાજ્યોનાં ઘણાં શહેરોમાં છેલ્લા ૩ દિવસથી તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગે કહ્યું કે આ ત્રણ રાજ્યો સિવાય પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહારમાં સોમવારે સવારે ધુમ્મસ રહેશે. ધુમ્મસના કારણે બિહારના પૂર્ણિયામાં વિઝિબિલિટી ઘટીને ૧૦૦ મીટર થઈ ગઈ છે. હિમાચલ પ્રદેશમાં રવિવારે સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. આજે સોમવારે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પણ હિમવર્ષા થવાની આગાહી કરવામાં આવી છે.

# અમદાવાદમાં નશામાં ધૂત યુવકે પાંચ વાહનોને અડફેટે લીધા, લોકોમાં ભય

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના આંબલી-બોપલ રોડ પર ૨૫ નવેમ્બર, ૨૦૨૪ની સવારે રિપલ પંચાલ નામના યુવકે નશામાં ધૂત થઈ બેફામ રીતે પોતાની ઓડી કાર ચલાવી ૪-૫ વાહનને અડફેટે લીધા હતા. આ ઓડી કારના ચાલકે પિક અવર્સમાં બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત કરતાં અન્ય લોકોમાં ડરનો માહોલ છવાયો છે. અકસ્માત કર્યા બાદ ઓડી કાર રેલિંગ સાથે અથડાતાં અટકી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓએ કહ્યું હતું કે કારનો ચાલક નશાની હાલતમાં હતો



અને અકસ્માત સર્જ્યા બાદ કારની અંદર બેસીને જ સિગારેટ પીતો રહ્યો હતો. અકસ્માતની ઘટના બાદ પોલીસ કારના ચાલકને લઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. અકસ્માત સર્જનાર નબીરો રિપલ પંચાલ દારૂ પીવાની ટેવ ધરાવતો હોવાનું અને બે મહિના પહેલાં પણ અમદાવાદ શહેરમાં તેની સામે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવનો કેસ થઈ ચૂક્યો હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૪ નવેમ્બરના રોજ એસ. જી. હાઈવેના હાઈકોર્ટ ઓવરબ્રિજ પર સાઈક્લિંગ કરી રહેલા બે ડૉક્ટરને અજાણ્યા કારચાલકે પૂરપાટ ઝડપે આવીને ટક્કર મારી હતી, જોકે કારચાલક ટક્કર મારીને નાસી ગયો હતો.

# પવનની દિશા બદલાતા રાજયમાં ઠંડીનું જોર ઘટે તેવી સંભાવના

અમદાવાદ,તા.૨૫

હવામાન વિભાગ દ્વારા બે દિવસ અગાઉ ગુજરાતના લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. જેને પગલે ધીમે-ધીમે રાજયભરના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી વધ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મોટાભાગના જિલ્લાઓનું



લઘુત્તમ તાપમાન એકાદ ડિગ્રી સેલ્સિયસ સુધી વધતા ઠંડીનું જોર ઘટતું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હજુ તો ગુજરાતવાસીઓ ફૂલગુલાબી ઠંડીના મૂડમાં આવ્યા જ હતા, ત્યાં લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ફરીથી ઠંડીનું જોર ઘટ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવનો આવતા હોવાથી તે હિમાલયના ઠંડા પવનોને ગુજરાત સુધી ખેંચી લાવે છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી ગુજરાત પર પવન આવવાના હોવાથી ઠંડીથી રાહત મળવાની સંભાવના છે.






# ગુજરાતના પ્રવાસન સ્થળો પર ૧૫ દિવસમાં ૬૧ લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા

ગાંધીનગર,તા.૨૫

દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે લઈ જવા તેમજ પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોતર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજયના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે. આ વર્ષે દિવાળીની રજાઓ દરમિયાન તા. ૨૬ ઓક્ટોબરથી



૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી વીસ દિવસના સમયગાળામાં, રાજ્યના ૧૬ પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની ૬૧ લાખ ૭૦ હજાર ૭૧૬ લોકોએ મુલાકાત લીધી હતી. આ સમયગાળામાં ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અને આકર્ષણો જેમ કે સ્ટેચ્યુ ઑફ યુનિટી, અટલબ્રિજ, રિવરફ્રન્ટ ફલાવર પાર્ક, કાંકરિયા તળાવ, પાવાગઢ મંદિર, અંબાજી મંદિર, ગિરનાર રોપવે, સાયન્સ સિટી, વડનગર, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, નડાબેટ, મોઢેરા સૂર્ય મંદિર, સ્મૃતિવન, ગીર અને દેવળીયા તેમજ દાંડી સ્મારક ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. અમદાવાદમાં સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ કાંકરિયા પરિસરમાં વિવિધ આકર્ષણોની મોજ માણી હતી. દ્વારકામાં ૧૩ લાખથી વધુ લોકો દર્શનાર્થે આવ્યા હતાં.

# સુરતમાં કુટણખાનું ઝડપાયું

**રેઈડ દરમિયાન પોલીસે ત્રણ ગ્રાહકોને ઝડપી લીધા, ૭ મહિલાને મુક્ત કરાવી**

સુરત,તા.૨૫

સુરતમાં યોગીચોકમાં આવેલી શુભમ રેસીડેન્સીમાં દુકાનની આડમાં કૂટણખાનું ચાલી રહ્યું છે તેવી બાતમીના આધારે પોલીસની ટીમે યોગીચોક સાવલિયા સર્કલ પાસે આવેલા શુભમ રેસીડેન્સીના પહેલા માળે દુકાન નં.૧૧૦ અને ૧૧૧માં રેડ કરી હતી. રેડ દરમિયાન દેહ વેપારનો ધંધો ચલાવતા સંચાલક બિશ્વારૂપ બારૂન દેય (ઉં.વ.૨૮, રહે., મચ્છી માર્કેટ પાસે, નાનપુરાસ સુરત. મૂળ પશ્ચિમ બંગાળ) અને ત્રણ ગ્રાહકની ધરપકડ કરી હતી. પોલીસે સ્થળ પરથી રોકડા ૧૪ હજાર તથા ૩૬,૫૦૦ના ૪ મોબાઈલ ફોન, તેમજ લાઈટ બિલ મળી કુલ ૫૦,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સ્થળ પરથી એક સંચાલક અને ત્રણ ગ્રાહકને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય એક સંચાલક આરોપી ગૌરવ અને દુકાન માલિક દીપકને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે રેડ દરમિયાન ૭ મહિલાને મુકત કરાવી છે.




